અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

23 NOVEMBER-2025 SUNDAY | Vol. : 17 | Issue : 142 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad


તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

બેગૂસરાયમાં એન્કાઉન્ટર : હત્યાના આરોપીને બિહાર પોલીસે ગોળી મારી

4

આખરે 26/11 જેવા આતંકી હુમલાનો ક્યારે આવશે અંત!

6

દિવ્યા ખોસલાએ મુકેશ ભટ્ટનું કોલ રેકોર્ડિંગ શેર કર્યું

7


બાયજુ રવીન્દ્રન પર 9,000 કરોડનો દંડ

## G20માં મોદી-મેલોનીએ હસી-હસીને વાત કરી : બ્રાઝિલના રાષ્ટ્રપતિને ભેટ્યા

# મોદીએ કહ્યું- G20ના જૂના ડેવલપમેન્ટ મોડેલને બદલવાની જરૂર

**જોહાનિસબર્ગ, તા.22**

પીએમ મોદીએ શનિવારે જોહાનિસબર્ગમાં G20 સમિટમાં ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની અને વિશ્વ નેતાઓ સાથે મુલાકાત કરી હતી. મોદી મુલાકાત દરમિયાન બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા દા સિલ્વાને ભેટી પડ્યા. ત્યારબાદ મોદીએ સમિટના પહેલા સત્રમાં ભાષણ આપ્યું, જેમાં વૈશ્વિક પડકારો પર ભારતના દ્રષ્ટિકોણને રજૂ કર્યો. મોદીએ વૈશ્વિક વિકાસના જૂના ધોરણો પર પુનર્વિચાર કરવાની હાકલ કરી. તેમણે કહ્યું: G20એ વિશ્વ અર્થતંત્રને આકાર આપ્યો હશે, પરંતુ આજના વિકાસ મોડેલે મોટી વસ્તીને સંસાધનોથી વંચિત રાખી છે અને પ્રકૃતિના વધુ પડતા શોષણને વેગ આપ્યો છે. આફ્રિકન દેશો પર તેની અસર ખાસ કરીને સૌથી વધુ દેખાય છે. મોદીએ અહીં બ્રાઝિલના રાષ્ટ્રપતિ લૂલા સહિત ઘણા વર્લ્ડ લીડર્સ સાથે મુલાકાત કરી. પીએમ મોદીએ સમિટના સેશનને સંબોધિત કર્યું. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આ વખતે G20 સમિટમાં નથી આવી રહ્યા. વળી, રશિયાના રાષ્ટ્રપતિ પુતિન પણ આ સમિટમાં ભાગ નથી લઈ રહ્યા. યુક્રેન યુદ્ધને લઈને ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે (ICC)એ તેમની વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી કર્યું છે. આથી અહીં તેમની ધરપકડનો ડર છે.



### ભારત માટે G20 સમિટ કેમ મહત્વપૂર્ણ છે?

આ વર્ષે દક્ષિણ આફ્રિકામાં યોજાઈ રહેલી G20 સમિટ ભારત માટે ખાસ છે કારણ કે 2023માં તેની અધ્યક્ષતા દરમિયાન, ભારતે આફ્રિકન યુનિયનને G20નો સભ્ય બનાવ્યો હતો. હવે, પહેલી વાર, આ સમિટ આફ્રિકામાં યોજાઈ રહી છે. આનાથી તમામ આફ્રિકન દેશોમાં ભારતનું સન્માન વધ્યું છે. શુક્રવારે જ્યારે પીએમ મોદી આફ્રિકા પહોંચ્યા, ત્યારે સ્થાનિક કલાકારોએ તેમના સન્માનમાં દંડવત કરીને તેમનું સ્વાગત કર્યું હતું.

## NEWS BRIEF

### 'મોડીરાત સુધી મહેનત કરવા છતાં, અધિકારીઓ ત્રાસ આપે'

**BLOની કામગીરીના ભારણથી માનસિક રીતે ભાંગી પડેલા શિક્ષક વિનુભાઈએ આત્મહત્યાની ચીમકી ઉચ્ચારી**

પંચમહાલ જિલ્લાના ગોધરામાં SIR (શિક્ષક ઈન્ફોર્મેશન રિપોર્ટ) અંતર્ગત સોંપવામાં આવેલી કામગીરીના અસહ્ય ભારણ અને અધિકારીઓના કથિત ત્રાસને લઈને એક ગંભીર ઘટના સામે આવી છે. ગોધરાના એક પ્રાથમિક શિક્ષકે આત્મહત્યાની ચીમકી ઉચ્ચારતો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ કરતાં શિક્ષણ જગત અને વહીવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. ‘મોડી રાત સુધી જાગીને મહેનત કરવા છતાં, અધિકારીઓ સતત માનસિક ત્રાસ આપે છે’ : શિક્ષક વિનુ બામણીયા, પ્રાપ્ત વિગતો અનુસાર, ગોધરાના પ્રાથમિક શિક્ષક વિનુભાઈ બામણીયાએ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ કર્યો હતો, જેમાં તેમણે વહીવટી તંત્રના અધિકારીઓ પર ગંભીર આક્ષેપો કર્યા હતા. વિનુભાઈએ જણાવ્યું હતું કે, તેઓ SIRની કામગીરી માટે મોડી રાત સુધી જાગીને મહેનત કરે છે, તેમ છતાં તંત્રના જવાબદાર અધિકારીઓ દ્વારા તેમને સતત માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે અને હેરાનગતિ કરવામાં આવે છે. કામગીરીના અસહ્ય ભારણ અને સતત દબાણથી માનસિક રીતે ભાંગી પડેલા વિનુભાઈએ અંતે આ વીડિયોમાં આત્મહત્યા કરવાની ચીમકી ઉચ્ચારી છે.

### પાકિસ્તાની મીડિયાએ લખ્યું, ફ્યૂઅલ લીકના સમાચાર હતા ; તેજસ ક્રેશ પર વિશ્વભરનાં મીડિયાએ શું લખ્યું?

ભારતીય વાયુસેનાના તેજસ ફાઈટર જેટના ક્રેશનો એક નવો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. એમાં તેજસ અચાનક લથડિયાં ખાવા લાગે છે અને એર શો દરમિયાન ક્રેશ થાય છે. ગઈકાલે દુબઈ એર શો દરમિયાન ફાઈટર જેટ ક્રેશ થયું હતું. આ અકસ્માતમાં પાઈલટનું મોત થયું હતું. ક્રેશનું કારણ નક્કી કરવા માટે કોર્ટ ઓફ ઈન્ક્વાયરીનો આદેશ આપવામાં આવ્યો છે. દુબઈ એર શોમાં આંતરરાષ્ટ્રીય વિમાનોનું પ્રદર્શન કરવામાં આવે છે. આ અકસ્માતને વિશ્વભરનાં મીડિયા દ્વારા વ્યાપકપણે આવરી લેવામાં આવ્યો હતો. દુબઈ એર શોના અંતિમ દિવસે ભારતનું તેજસ ફાઈટર જેટ ક્રેશ થયું હતું. સોશિયલ મીડિયા પર ફરતા વીડિયોમાં સ્પષ્ટપણે જોવા મળે છે કે વિમાન એક કરતબ પછી સીધું નીચે ઊતરતું હતું અને ક્રેશ થતાં જ આગના મોટા ગોળામાં ફસાઈ ગયું હતું. આ અકસ્માત ત્યારે થયો જ્યારે સેંકડો લોકો ફ્લાઈંગ શો જોઈ રહ્યા હતા. બપોરના સામાન્ય પ્રદર્શનની જેમ આ દિવસે પણ ભીડ ખૂબ જ હતી. વીડિયોમાં જોવા મળે છે કે તેજસ લો-રોલનો પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ કદાચ પોતાને સંભાળી ન શક્યું અને દૂર જઈને પડ્યું અકસ્માત પહેલાં તેજસને લઈને બીજી એક ચર્ચા ચાલી રહી હતી. સોશિયલ મીડિયા પર એવા ફોટા સામે આવ્યા હતા, જેમાં જેટની નીચે શોપિંગ બેગ ઢગલાબંધ દેખાઈ રહી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે વિમાનમાંથી ફ્યૂઅલ લીક થઈ રહ્યું હતું. અલ જઝીરાએ અહેવાલ આપ્યો છે કે દુબઈ એર શોમાં પ્રદર્શન દરમિયાન ભારતીય બનાવટનું તેજસ ફાઈટર જેટ ક્રેશ થયું. આ અકસ્માતમાં પાઈલટનું મૃત્યુ થયું. આ બીજું તેજસ ક્રેશ હોવાનું જાણવા મળે છે. જેટ હવામાં ઉડાન ભરી રહ્યું હતું ત્યારે અચાનક એ જમીન પર તૂટી પડ્યું. થોડીવારમાં જ વિમાનમાં આગ લાગી ગઈ અને કાળો ધુમાડો આકાશમાં છવાઈ ગયો. ભારતીય વાયુસેનાએ સોશિયલ મીડિયા પર જાહેરાત કરી કે આ અકસ્માતમાં પાઈલટનું મોત થયું છે. વાયુસેનાએ અકસ્માતનું કારણ જાણવા માટે તપાસ શરૂ કરી છે. દુબઈ એર શોમાં ઉડાન દરમિયાન ભારતનું તેજસ ફાઈટર જેટ ક્રેશ થયું, જેમાં પાઈલટનું મોત થયું. ભારતીય વાયુસેનાએ એક નિવેદન બહાર પાડીને કહ્યું હતું કે એ પાઈલટના પરિવાર સાથે ઊભું છે.

## અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર હિન્દુ-શીખ ભાઈઓને કેમ પાછા બોલાવી રહી છે? સામે આવ્યું કારણ

### શીખ અને હિન્દુ સમુદાયના લોકોની સક્રિય સહભાગિતાને પ્રોત્સાહન

**અફઘાનિસ્તાન, તા.22**

અફઘાનિસ્તાનના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી અલહાજ નૂરુદ્દીન અઝીઝી ભારતના પ્રવાસે છે. તેમની મુલાકાત દરમિયાન તેમણે ભારતીય કંપનીઓને તેમના દેશ અફઘાનિસ્તાનમાં રોકાણ કરવા માટે આમંત્રિત કર્યા છે. અઝીઝીએ દ્વિપક્ષીય વેપાર અને આર્થિક સહયોગને આગળ વધારવા માટે એક સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવાનું વચન આપ્યું..શીખ અને હિન્દુ સમુદાયના લોકોની સક્રિય સહભાગિતાને પ્રોત્સાહન, અફઘાન મંત્રીએ અનેક ક્ષેત્રોનો ઉલ્લેખ કર્યો જ્યાં બિઝનેસ પાર્ટનરશિપ



માટે મહત્ત્વની તકો છે. આમાં માઈનિંગ, કૃષિ, આરોગ્ય અને દવા, આઈટી, ઊર્જા અને વસ્ત્ર ઉદ્યોગનો સમાવેશ થાય છે. વધુમાં મંત્રી અઝીઝીએ અફઘાનિસ્તાનના શીખ અને હિન્દુ સમુદાયના લોકોની સક્રિય સહભાગિતાને પણ પ્રોત્સાહન આપ્યું. તેમણે ખાતરી આપી કે તેમનો દેશ તમામ ભાગીદારો માટે શાંતિપૂર્ણ, સમાવેશી અને વ્યાપાર માટે અનુકૂળ વાતાવરણ જાળવવા માટે પ્રતિબદ્ધ છે. અફઘાન મંત્રીનું ભારતીય વેપારીઓને આમંત્રણ, મહત્ત્વનું છે કે અફઘાનિસ્તાનના મંત્રી અઝીઝી પાંચ દિવસની ભારત યાત્રા પર ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સાથે નવી દિલ્હી પહોંચ્યા છે. મંત્રી અઝીઝીએ ભારતીય વેપારીઓને કહ્યું કે તેઓ અફઘાનિસ્તાન આવે અને ત્યાંની ક્ષમતા તેમજ તેમના અને અન્ય ઉદ્યોગપતિઓ માટે તૈયાર કરાયેલા અનુકૂળ વાતાવરણનું નિરીક્ષણ કરે.

## બિહારમાં પરાજય બાદ મહારાષ્ટ્રમાં પણ વિપક્ષમાં તિરાડ

### રાઉતે કહ્યું- કોણ શું વિચારે છે તેનાથી ફરક નથી પડતો

**બિહાર, તા.22**

બિહાર વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળના ગઠબંધનના પરાજય બાદથી જ ઈન્ડિયા ગઠબંધનમાં તિરાડની અટકળો શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસ સિવાયના પક્ષોમાં ધીમે ધીમે વિરોધના સૂર ઉઠી રહ્યા છે. એવામાં શિવસેના ઉદ્ધવ ઠાકરે જૂથના નેતા સંજય રાઉતે પણ કોંગ્રેસને આંચકો આપ્યો છે. રાજ્યસભા સાંસદ સંજય રાઉતે કહ્યું છે કે જો રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના એક થતી હોય તો કોંગ્રેસ શું વિચારે છે તેનાથી કોઈ ફરક નથી પડતો. કોંગ્રેસ પર દબાણ બનાવવા રાઉતનો



પ્રયાસ? રાઉતે કહ્યું છે, કે કોંગ્રેસ જે કોઈ પણ નિર્ણય તે તેમનો અંગત નિર્ણય છે. પણ રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેનો પક્ષ કોઈની પરવાનગી લેવાની રાહ નહીં જુએ. લોકોની ઈચ્છા છે કે શિવસેના અને MNS સાથે આવે. અમને કોઈના આદેશ અને અનુમતિની જરૂર નથી. શરદ પવાર અને લેફ્ટ પાર્ટીઓ પણ સાથે જ છે. બીજી તરફ શરદ પવાર જૂથ તરફથી પણ એવા સંકેત મળ્યા છે કે જો રાજ ઠાકરે મહા વિકાસ આઘાડીમાં સામેલ થાય તો તે તેમને આવકારશે. જિતેન્દ્ર આવહાડે કહ્યું છે કે તમામ સ્વાભાવિક મિત્રોએ સાથે આવું જોઈએ.

## ઝેલેન્સ્કીના ઈનકાર અને ટ્રમ્પની ધમકી વચ્ચે શાંતિ સમજૂતી અંગે પુતિનની પ્રથમ પ્રતિક્રિયા

**બ્રિટન, તા.22**

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને 21 નવેમ્બરના રોજ જાહેરાત કરી કે, યુક્રેનમાં શાંતિ સ્થાપવા માટે અમેરિકા તરફથી મોસ્કોને પ્રસ્તાવો મળ્યા છે. આ યોજના સંઘર્ષના શાંતિપૂર્ણ સમાધાનનો આધાર બની શકે છે. પુતિને ટીવી પર પ્રસારિત પોતાના સંબોધનમાં વરિષ્ઠ અધિકારીઓને જણાવ્યું કે, ’અંતિમ શાંતિપૂર્ણ સમજૂતી માટે આ પ્રસ્તાવનો ઉપયોગ આધાર તરીકે થઈ શકે છે, એવું મારું માનવું છે.’ જોકે, પુતિને સ્પષ્ટ કર્યું કે, રશિયન અધિકારીઓએ હજી સુધી આ યોજના પર વિગતવાર ચર્ચા પૂર્ણ કરી નથી. તેમના મતે, યુક્રેન આ શાંતિ પ્રસ્તાવનો વિરોધ કરી રહ્યું છે. તેમણે એ વાત પર ભાર મૂક્યો કે કીવ અથવા યુરોપીય દેશોમાંથી કોઈ પણ એ સત્યને સ્વીકારવા તૈયાર નથી કે રશિયન સેના યુક્રેનમાં સતત પ્રગતિ કરી રહી છે. પુતિનના કહેવા મુજબ, જો શાંતિ



સ્થાપિત નહીં થાય, તો આ સૈન્ય આગળ વધતું રહેશે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું હતું કે, ’યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીએ રશિયાના આક્રમણને અટકાવવા માટે અમેરિકા-સમર્થિત શાંતિ યોજના (પીસ પ્લાન)ને અપનાવવી પડશે અને આખરે તેને મંજૂરી પણ આપવી પડશે.’

### ટ્રમ્પને તાનાશાહ માનો છો?

## અમેરિકી રાષ્ટ્રપતિ વચ્ચે ટોકતાં મજાકિયા અંદાજમાં બોલ્યા, કોઈ વાંધો નહીં, હા કહી દો, મને ફરક નથી પડતો



**ન્યૂયોર્ક, તા.22**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ન્યૂયોર્ક સિટીના નવનિર્વાચિત મેયર ઝોહરાન મમદાનીની શુક્રવારે વ્હાઈટ હાઉસમાં પહેલી મુલાકાત થઈ. આ મુલાકાત દરમિયાન બંને નેતાએ મીડિયા સાથે વાતચીત કરી, જે રસપ્રદ રહી. આ દરમિયાન મીડિયાએ મમદાનીને પૂછ્યું કે શું તેઓ હજી પણ ટ્રમ્પને ફાસિસ્ટ (તાનાશાહ) માને છે. આના પર ટ્રમ્પે વચ્ચેથી ટોકતાં કહ્યું, કોઈ વાંધો નહીં, હા કહી દો. આ સમજાવવા કરતાં સરળ છે. મને એનાથી ફરક પડતો નથી.‘ રિપોર્ટરે પૂછ્યું કે મમદાની કાર્બન ઉત્સર્જન પર સવાલો ઉઠાવતા રહ્યા છે, તો પછી તેઓ વોશિંગ્ટન હવાઈ જહાજમાં કેમ આવ્યા? આના પર ટ્રમ્પે કહ્યું કે મમદાની ખૂબ મહેનત કરે છે અને તેમનું અહીં આવવું જરૂરી હતું, આમાં કંઈ ખોટું નથી. આ મુલાકાત એટલા માટે ખાસ હતી, કારણ કે ન્યૂયોર્ક મેયર ઈલેક્શન દરમિયાન બંનેએ એકબીજા વિશે ઘણી તીખી નિવેદનબાજી કરી હતી. ટ્રમ્પે મમદાનીને ’કમ્યુનિસ્ટ પાગલ’ અને ’જિહાદી’ કહ્યા હતા. મમદાનીએ ટ્રમ્પને ’તાનાશાહ’ અને ’ફાસિસ્ટ’ ગણાવ્યા હતા. મમદાનીને જેહાદી નથી માનતા ટ્રમ્પ, એક પત્રકારે ટ્રમ્પને પૂછ્યું કે રિપબ્લિકન નેતા એલિસ સ્ટેફનિકે મમદાનીને ’જિહાદી’ કહ્યા છે, શું ટ્રમ્પ પણ એવું જ માને છે? આના પર ટ્રમ્પે ખચકાટ વિના કહ્યું- ’ના, હું એવું નથી માનતો.’



ન્યૂઝ ટ્રેક

## ગાંધીનગર મહાત્મા મંદિરમાં સમારોહમાં હર્ષ સંઘવીએ કરી જાહેરાત, 4473 ઉમેદવારને નિમણૂકપત્ર એનાયત

ગાંધીનગર, તા.22

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આજે રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં પસંદગી પામેલા 4473 ઉમેદવારોને નિમણૂકપત્રો એનાયત કરવાનો ભવ્ય સમારોહ યોજાયો હતો, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વિશેષ ઉપસ્થિતિ આપી હતી. આ પ્રસંગે હર્ષ સંઘવીએ ગુજરાતમાં 14,507 પોલીસની નવી ભરતીની જાહેરાત કરીને યુવાનોમાં ઉત્સાહની લહેર ફેલાવી દીધી હતી. સરકારની પારદર્શક ભરતી પ્રક્રિયાના આ કાર્યક્રમથી હજારો પરિવારોમાં ખુશીનો માહોલ છવાયો છે. ઉમેદવાર હિતેન્દ્રસિંહ પરમારે જણાવ્યું કે, હાલ કલેક્ટર કચેરીમાં અમદાવાદ ખાતે કામગીરીની મને નિમણૂક પત્ર મળ્યો છે. હુ ખૂબ જ આનંદિત છું, જે મારે જોઈતુ તુ એ મને મળી ગયું છે. સરકારી નોકરી માટે તૈયારીઓ સતત ચાલુ રાખવી પડે. અમુકવાર નિરાશા પણ મળે. 3-4 ભરતીઓમાં 1-1.5 માર્ક્સ માટે રહી ગયો હતો છતાં તૈયારીઓ ચાલુ રાખી. જો તમે તૈયારીઓ ચાલુ રાખો તો એક દિવસ સફળતા મળે જ છે. એક મહિલા ઉમેદવારે નિમણૂક પત્ર મળ્યા બાદ પોતાનો અનુભવ શેર કરતા જણાવ્યું હતું કે, મને હિસાબનીશ તરીકે પત્ર મળ્યો છે. 2-3 વર્ષથી મહેનત કરતી હતી. નિમણૂક પત્ર મળતા પરિવારજનો ખુશ છે, આજે માતા-પિતાનુ સરકારી નોકરીનુ સપનુ સાકાર થયું છે. અન્ય પુરુષ ઉમેદવારે પોતાનો અનુભવ શેર કરતા જણાવ્યું કે, આજે હું સર્વેયર તરીકે નિમણુક પામેલો છું. હું સતત 6 વર્ષથી સરકારી પરીક્ષાની તૈયારી કરતો હતો અને આજે મને સફળતા પ્રાપ્ત થઈ છે. હું માલધારી પરિવારમાંથી આવુ છુ અને મારા પિતા રિક્ષા ચલાવે છે અને મારા માતા પશુપાલન સાથે સંકળાયેલા છે. અન્ય એક મહિલા ઉમેદવારે પોતાનો અનુભવ શેર કરતા જણાવ્યું કે, આજે નિમણૂક પત્ર મળતા એવું લાગ્યું કે મહેનત સફળ રહી આટલા વર્ષે. પરિવારજનો આજે ખૂબ જ ખુશ છે. આજે નિમણૂક પત્ર મળતા મને ગર્વની લાગણીનો અનુભવ થયો છે કે, અમે આજે ગુજરાત સરકારની સેવામાં જોડાયા છીએ. મે 3-4 વર્ષ તૈયારી કરી, સતત નિષ્ફળતાઓ મળી ત્યારબાદ આ સફળતા મળી છે. અમારા પરિવારમાં પણ ખુશીનો માહોલ છે. ભવિષ્યમાં હજુ અનેક ભરતીઓ આવવાની છે, આજે સંઘવી સાહેબે પોલીસ ભરતીની જાહેરાત કરી છે તો તમામને તૈયારી કરવા વિનંતી. આજે મને સબ ઓડિટર તરીકેનો નિમણૂક પત્ર મળ્યો છે. 100 ટકા હૈયાધારણા છે કે, જો તમે તૈયારી કરશો ને તો ગુજરાત સરકાર તમને 100 ટકા નોકરી આપશે. આજે પરિવાર ખૂબ જ ખુશ છે, ઘેર લાપસી થશે. ડેપ્યુટી CM હર્ષ સંઘવીએ આ કાર્યક્રમ દરમિયાન જણાવ્યું હતું કે, 4473 યુવાનોને તેમનું ભવિષ્ય અને ખાસ કરીને તમારા સપના આજે સાકાર થયા છે, તે બદલ આપ સૌ લોકોને હું શુભકામના આપુ છું. આજે આપ સૌ લોકો ગુજરાતના નાગરિકથી ગુજરાત સરકારના પરિવારમાં જોડાયા છો. આપ સૌની જવાબદારી બદલાઈ ગઈ છે. આજથી તમે ફરિયાદી નહીં ફરિયાદીના સહાયક બનીને તેના નિરાકરણ લાવનાર વ્યક્તિમાં આવી ગયા છો.

## અસામાજિક તત્વોને શહેર-જિલ્લામાંથી તડીપાર કરાયા:જૂનાગઢમાં માથાભારે શખસો સામે કાર્યવાહી

જૂનાગઢ, તા.22

શહેરમાં કાયદો અને વ્યવસ્થા સચવાય તે માટે જૂનાગઢ પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જૂનાગઢ રેન્જ આઈજી નિલેશ જાજડીયા અને એસપી સુબોધ ઓડેદરાની સૂચનાથી માથાભારે અને અસામાજિક પ્રવૃત્તિ કરતા શખસો પર કડક કાર્યવાહી કરવા કાયદો અને વ્યવસ્થા જાળવવા અટકાયતી પગલાં લેવામાં આવ્યા છે. બી ડિવિઝન પોલીસે શહેરના જાહેર માર્ગો અને સ્થળો પર ઉપદ્રવ ફેલાવતા બે શખસોને છ માસ માટે જૂનાગઢ શહેર તેમજ ગ્રામ્ય હદ વિસ્તારમાંથી હદપાર કર્યા છે. જાહેરનામાનો ભંગ કરતાં બે શખસો સામે કાર્યવાહી, ૂનાગઢ બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આરોપીઓ જાહેર માર્ગો, ફૂટપાથો અને જાહેર સ્થળો ખાતે ઘાસચારાના વેચાણની પ્રવૃત્તિ કરી જાહેરમાં ઉપદ્રવ તેમજ ગંદકી ફેલાવતા હતા. જેના કારણે જાહેર વ્યવસ્થા જાળવવામાં પ્રતિકૂળ અસર થતી હતી. પકડાયેલા બંને શખસોએ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો પણ વારંવાર ભગ કર્યો હતો. જેને લઈને જૂનાગઢ બી ડિવિઝન પોલીસ દ્વારા કામીલ ગનીભાઈ પીરાણી જેના વિરૂદ્ધ ઘાસચારાના જાહેરનામા ભંગના કુલ 12 કેસ દાખલ થયા હતા અને મોહિબ ઈકબાલ જમાતી જેની વિરૂદ્ધ પણ ઘાસચારાના જાહેરનામા ભંગના 10 કેસ નોંધાયા હતા. આ બંને શખસોની બી ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા હદપારની દરખાસ્ત તૈયાર કરી સબ ડિવિઝન મેજિસ્ટ્રેટ જૂનાગઢ ચરણસિંહ ગોહિલને મોકલવામાં આવી હતી. સબ ડિવિઝનના મેજિસ્ટ્રેટ ચરણસિંહ ગોહિલે માથાભારે શખસોની અસામાજિક અને ગેરકાયદેસર પ્રવૃત્તિને ધ્યાને લઈ બંને શખસોને જૂનાગઢ શહેર તથા ગ્રામ્ય હદ/વિસ્તારમાંથી છ માસ માટે હદપાર મંજૂર કરી હતી. બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જે.જે. પટેલ દ્વારા આ હદપાર હુકમની તાત્કાલિક બજવણી કરવામાં આવી છે. આ કામગીરી જૂનાગઢ બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ જે.જે.પટેલની સૂચનાથી પોલીસ હેડ કોન્સ. પરેશભાઈ હુણ, નરેશભાઈ શીંગરખીયા, પો.કોન્સ. મુકેશભાઈ મકવાણા, રઘુવીરભાઈ વાળા, મનીષભાઈ હુંબલ અને મુળુભાઈ વાંદાએ સાથે રહીને કરી છે. બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જે.જે. પટેલ દ્વારા આ હદપાર હુકમની તાત્કાલિક બજવણી કરવામાં આવી છે. આ કામગીરી જૂનાગઢ બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ જે.જે.પટેલની સૂચનાથી પોલીસ હેડ કોન્સ. પરેશભાઈ હુણ, નરેશભાઈ શીંગરખીયા, પો.કોન્સ. મુકેશભાઈ મકવાણા, રઘુવીરભાઈ વાળા, મનીષભાઈ હુંબલ અને મુળુભાઈ વાંદાએ સાથે રહીને કરી છે.

### વધુ એક BLO ઢળી પડ્યાં, 4 દિવસમાં 4નાં મોત

# વડોદરામાં SIRની કામગીરી દરમિયાન શિક્ષકાનું મૃત્યુ

■ હાર્ટ-એટેકની આશંકા; પતિએ કહ્યું- 'તેમના પર કામનું ભારણ હતું'

ભાવનગર, તા.22

વડોદરા શહેરની પ્રતાપ સ્કૂલમાં બીએએલઓ સહાયક તરીકેની કામગીરી કરતાં એક મહિલા કર્મચારીનું ફરજ દરમિયાન કરુણ મોત નીપજ્યું છે. BLO સહાયક કામગીરી દરમિયાન અચાનક ઢળી પડ્યાં હતાં. ત્યાર બાદ હોસ્પિટલમાં ખસેડાતાં ડોક્ટરે મૃત જાહેર કર્યા હતાં. રાજ્યમાં 4 દિવસમાં 4નાં મોત થયાં છે. ફરજ પર હતાં ત્યારે અચાનક ઢળી પડ્યાં, મૃતક મહિલાનું નામ ઉષાબેન ઈન્દ્રસિંહ સોલંકી (ઉં.વ. 50) છે, જેઓ ગોરવા મહિલા આઈટીઆઈ (ITI)ખાતે નોકરી કરતાં હતાં અને આજે સવારે કડક બજારમાં આવેલી પ્રતાપ સ્કૂલમાં ફરજ પર હતાં. ઉષાબેન સહાયક કામગીરી કરતાં હતાં એ દરમિયાન અચાનક ઢળી પડ્યાં હતાં. ત્યાર બાદ સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં, જ્યાં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતાં. મૂળ નર્મદા જિલ્લાનાં વતની ઉષાબેનને હાર્ટ-એટેકની આશંકા, મળતી માહિતી મુજબ, ઉષાબેન સોલંકી મૂળ નર્મદા જિલ્લાના તિલકવાડાનાં વતની હતાં અને હાલમાં વડોદરાના સુભાનપુરા વિસ્તારમાં રહેતાં હતાં. હાલમાં પોસ્ટમોર્ટમ અર્થે મૃતદેહ ખસેડવામાં આવ્યો છે. પીએમ રિપોર્ટ બાદ ખબર પડશે કે મોતનું સાચું કારણ શું, પરંતુ હાલમાં હાર્ટ-એટેકની આશંકા છે. આ કરુણ ઘટનાથી તેમના સહકર્મીઓ અને પરિવારમાં શોકની લાગણી ફેલાઈ છે. પોલીસે આ અંગે વધુ કાર્યવાહી હાથ ધરી છે. 'તબિયત સારી ન હોવાથી અમે આ કામગીરી ન આપવા પણ રિક્વેસ્ટ કરી હતી' આ અંગે મૃતક મહિલા ઉષાબેનના પતિ ઈન્દ્રસિંહે જણાવ્યું હતું કે અમે સુભાનપુરા વિસ્તારમાં પીડબ્લ્યુ ક્વાર્ટર્સમાં રહીએ છીએ અને મારી પત્ની મહિલા ગોરવા આઈટીઆઈમાં નોકરી કરે છે.



### કામનો લોડ, અચાનક બેહોશ ને મોત

તેમણે વધુમાં જણાવ્યું હતું કે તેઓ કામગીરી દરમિયાન સુપરવાઈઝરની રાહ જોઈને બેઠાં હતાં. એ દરમિયાન અચાનક બેહોશ થઈ ગયાં હતાં અને એટેક આવી ગયો હોય એવું લાગી રહ્યું છે. તેમને સયાજી હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવ્યાં, જ્યાં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા છે.

### મૂળ નર્મદા જિલ્લાનાં વતની ઉષાબેનને હાર્ટ-એટેકની આશંકા

મળતી માહિતી મુજબ, ઉષાબેન સોલંકી મૂળ નર્મદા જિલ્લાના તિલકવાડાનાં વતની હતાં અને હાલમાં વડોદરાના સુભાનપુરા વિસ્તારમાં રહેતાં હતાં. હાલમાં પોસ્ટમોર્ટમ અર્થે મૃતદેહ ખસેડવામાં આવ્યો છે. પીએમ રિપોર્ટ બાદ ખબર પડશે કે મોતનું સાચું કારણ શું, પરંતુ હાલમાં હાર્ટ-એટેકની આશંકા છે. આ કરુણ ઘટનાથી તેમના સહકર્મીઓ અને પરિવારમાં શોકની લાગણી ફેલાઈ છે. પોલીસે આ અંગે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## 'સાહેબ, જમીન-જાગીર હોય તો પણ લગ્ન થતા નથી'

### 15 લગ્ન કરનારી ચાંદની સાથે લગ્ન કરી લાખો રૂપિયા ગુમાવનારા બે યુવકે આપવીતી જણાવી, લૂંટેરી દુલ્હન ગેંગની મોડસઓપરેન્ડી ખુલ્લી પડી

અમદાવાદ, તા.22

અમારા સમાજમાં લગ્ન માટે યુવક વિદેશમાં રહેતો હોવો જોઈએ. શહેરમાં મકાન હોવું જોઈએ, જમીન જાગીર હોવી જોઈએ ત્યારે માંડ લગ્ન માટે મેળ પડે. ભણેલાગણેલા યુવકોનાં પણ લગ્ન નથી થતાં એટલે અમારે આવી રીતે બહારની યુવતી સાથે લગ્ન કરવા પડે છે. ના છૂટકે કોઈ વિધવા, ડિવોર્સી મહિલાઓ સાથે મજબૂરીમાં લગ્ન કરવા પડે છે. અમુકને તો જમીન જાગીર હોય તોપણ ઉંમર નીકળી જાય છે અને લગ્ન થતા નથી. આ શબ્દો છે 20 લોકોને શીશામાં ઉતારનાર લૂંટેરી દુલ્હન ગેંગનો ભોગ બનેલા ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના યુવકના. મહેસાણા પોલીસે લૂંટેરી દુલ્હન ગેંગને ઝડપી પાડ્યા બાદ એક બાદ એક ભોગ બનનારા યુવકો સામે આવી રહ્યા છે. મહેસાણા પોલીસના હાથે ઝડપાયેલી ચાંદની સાથે લગ્ન કરનાર દહેગામનો યુવક કઈ રીતે ફસાયો અને ગેંગે કઈ રીતે તેની પાસેથી રૂપિયા પડાવ્યા એની સિલસિલાબંધ વિગતો ભાસ્કરને જણાવી, સાથે સળગતી સામાજિક સમસ્યાને લઈ પણ વાત કરી કે જેના કારણે યુવકો આ પ્રકારની ગેંગને ભોગ બની રહ્યા છે.બે અજાણી મહિલાઓએ યુવકના મોબાઈલ પર ચાંદનીના ફોટો મોકલ્યા, દહેગામ ખાતે રહેતા 32 વર્ષીય યુવકે પોતાની આપવીતી જણાવતાં કહ્યું હતું કે અમદાવાદના નરોડામાં રહેતાં આરતી બહેન અને જાગૃતિ બહેને મારા નંબર પર ચાંદનીના ફોટા લગ્ન માટે મોકલ્યા હતા. મને ખબર નહોતી કે આ લોકો પાસે મારો બાયોડેટા ક્યાંથી આવ્યો? ચાંદનીનો ફોટો મને સારો લાગતાં હું 1 ઓક્ટોબર 2025ના રોજ આરતી અને જાગૃતિને મળવા અમદાવાદના મેમકો ચાર રસ્તા પર ગયો હતો.

### ચાંદનીના પરિવારની આર્થિક સ્થિતિ નબળી હોઈ

ભોગ બનનાર યુવકે વધુમાં જણાવ્યું હતું કે 2 ઓક્ટોબરના રોજ આ લોકો મારા ઘરે આવ્યા હતા, જ્યાં રાજુભાઈએ કહ્યું હતું કે લગ્નના 20 દિવસ બાદ હું નવા બાઈક શો રૂમના ઉદઘાટનમાં વ્યસ્ત છું એટલે લગ્ન ઝડપી કરી લો. રાજુભાઈએ લગ્ન પહેલાં એવી શરત મૂકી હતી કે યુવતીના પરિવારની હાલત ખરાબ છે. ઘરે કમાવનાર કોઈ છે નહીં. પિતા હોસ્પિટલમાં દાખલ છે, આવાં બધાં બહાનાં કાઢ્યાં હતાં અને લગ્ન પેટે 3 લાખ રૂપિયા ચાંદનીના પરિવારને આપવા પડશે.

## મહીસાગરમાં 115 નિવૃત્ત શિક્ષકોને એકસાથે લાભોનું વિતરણ

### જિલ્લા પંચાયત દ્વારા વિશેષ સન્માન કાર્યક્રમ યોજાયો

મહીસાગર, તા.22

મહીસાગર જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા 115 વયનિવૃત્ત પ્રાથમિક શિક્ષકોને તેમના સેવા નિવૃત્તિના લાભો એક સાથે અને એક જ સ્થળેથી આપવાનો ઐતિહાસિક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ મહીસાગર જિલ્લા પંચાયત પ્રમુખ બાબુપટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લા પંચાયત કચેરી હોલમાં સંપન્ન થયો હતો. 31 ઓક્ટોબર 2025ના રોજ નિવૃત્ત થતા આ શિક્ષકોને તેમના હકના હુકમો સમયસર મળે તે સુનિશ્ચિત કરવા માટે જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન પિનાકીન શુક્લા, જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિધ્ધાર્થ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કૃપાબેન જાના સતત પ્રયત્નોથી આ વિશેષ આયોજન શક્ય બન્યું હતું. કાર્યક્રમ દરમિયાન, મહાનુભાવોના હસ્તે નિવૃત્ત થઈ રહેલા શિક્ષકોને મહત્વના પી.પી.ઓ. (PPO) હુકમ, જોડાણ-22 (Attachment-22), લાસ્ટ પે સર્ટિફિકેટ (Last Pay Certificate) અને જી.પી.એફ. શિડ્યુલ (GPF Schedule) સહિતના ડોકેટ દસ્તાવેજો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે તેમને નિરામય સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ જીવનની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી મહીસાગર દ્વારા આયોજિત આ 'સેવા નિવૃત્તિ સન્માન કાર્યક્રમ'નો મુખ્ય હેતુ શિક્ષણના પવિત્ર કાર્યમાં વર્ષો સુધી સમર્પિત ભાવથી સેવા આપનાર શિક્ષકોને તેમના નિવૃત્તિ સંબંધિત તમામ લાભો એક જ સ્થળે સરળતાથી ઉપલબ્ધ કરાવવાનો હતો.

## રેલવે સ્ટેશનના આધુનિકરણને કારણે ટ્રાફિકમાં ફેરફાર

સુરત, તા.22

સુરત શહેરના મુખ્ય પ્રવેશદ્વાર સમા સુરત રેલવે સ્ટેશનના મહત્ત્વપૂર્ણ મોર્ડનાઈઝેશન પ્રોજેક્ટના ભાગરૂપે, શહેરના ટ્રાફિક માળખામાં એક મોટો અને અસ્થાયી ફેરફાર કરવામાં આવ્યો છે. રેલવે સ્ટેશનની આસપાસ આકાર લઈ રહેલા નવા ફ્લાયઓવર બ્રિજને હાલના વરાછા ફ્લાયઓવર બ્રિજ સાથે જોડવાની મહત્ત્વકાંક્ષી કન્સ્ટ્રક્શન કામગીરી શરૂ કરવામાં આવી છે. આ કામગીરીને સરળતાથી અને સલામતીપૂર્વક પૂર્ણ કરવાના હેતુથી, ટ્રાફિક વ્યવસ્થામાં તાત્કાલિક અસરથી ફેરફાર લાગુ કરવામાં આવ્યા છે. સુરત ઈન્ટેગ્રેટેડ ટ્રાન્સપોર્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ (SITCO) દ્વારા હાથ ધરાયેલા આ પ્રોજેક્ટને પગલે તારીખ 22 નવેમ્બર 2025ના રાત્રિના સમયથી ટ્રાફિકના નિયમોમાં ફેરફાર અમલમાં મૂકવામાં આવશે. ક્યો માર્ગ બંધ કરાયો? સૌથી મોટો ફેરફાર એ છે કે, વરાછા તરફથી આવતા વાહનો માટેનો મુખ્ય માર્ગ સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યો છે. જે વાહનો આયુર્વેદિક ગરનાળું પસાર કર્યા બાદ ડાબી તરફ વળીને સીધા રેલવે સ્ટેશન તરફ જતા હતા.

## ભચાઉના લાખાપરમાં ડૂબી જવાથી બે કિશોરનાં મોત

### ભેંસો ચરાવવા ગયેલા કિશોરોના ચંપલ તળાવ કાંઠેથી મળ્યાને શોધખોળ શરૂ થઈ, ત્રણ કલાક બાદ મૃતદેહ મળ્યા

કચ્છ, તા.22

કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના કાંઠા વિસ્તારમાં લાખાપર ગામમાં આજે એક દુઃખદ ઘટના બની છે, જ્યાં ગામના માલધારી પરિવારના બે કિશોર ગઈકાલે ભેંસો ચરાવવા સીમ વિસ્તારમાં ગયા હતા. મોડીરાત સુધી તેઓ પરત ન આવતાં શોધખોળ હાથ ધરાઈ હતી. આ દરમિયાન આજે વહેલી સવારે કિશોરોના ચંપલ તળાવ કાંઠેથી મળતાં તંત્રને જાણ કરાઈ હતી. ફાયર વિભાગની ટીમોએ ત્રણ કલાકની શોધખોળ બાદ બંનેના મૃતદેહ બહાર કાઢ્યા છે. સમયસર ઘરે ન આવતાં શોધખોળ શરૂ કરાઈ, આ દુઃખદ ઘટના અંગે મળતી માહિતી મુજબ લાખાપર ગામના માલધારી પરિવારના 14 વર્ષીય કમલેશ બેચારભાઈ કોળી અને 13 વર્ષીય દલસુખ હરખાભાઈ કોળી નામના બે કિશોર ગઈકાલે ઘરેથી



રાબેતા મુજબ પોતાની ભેંસો સહિતનો માલઢોર લઈને સીમ વિસ્તારમાં ચરાવવા ગયા હતા. સમયે ઘરે ન આવતાં પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. મોડીરાત સુધી કોઈ ભાળ ન મળી, સવારે ચંપલ મળ્યા, પરિવારજનો અને ગ્રામજનોએ મોડીરાત સુધી સમગ્ર સીમ વિસ્તાર ખૂંદીને બંને કિશોરની શોધખોળ કરી હતી, પરંતુ તેમની કોઈ ભાળ નહોતી મળી.

## અનામત આંદોલનના 10 વર્ષે પાટીદારોએ જ્ઞાતિના નામે બાંયો ચડાવી

■ પનારાએ કહ્યું, વ્યાજે રૂપિયા આપી પટેલોને જુગાર રમાડાય છે, ચૂંટણીમાં અનામત માગવા પાછળનો તર્ક શું?

સુરત, તા.22

અનામત આંદોલનના 10 વર્ષે ફરીથી પાટીદાર આગેવાનોએ સમાજના નામે બાંયો ચડાવી છે. પાટીદારો પર ક્યાંય હુમલો થાય તો એકતા બતાવવા તરત જ ત્યાં પહોંચે છે, જેને ઘણા લોકો શક્તિપ્રદર્શન તરીકે જોઈ રહ્યા છે. આના જ ભાગરૂપે શુક્રવારે સુરતથી પાટીદારો 30 કારના કાફલા સાથે ભાવનગરના દેવળિયા ગામે પહોંચ્યા હતા અને જે દંપતી પર હુમલો થયો હતો તેની સાથે મુલાકાત કરી હતી. આ પહેલો એવો બનાવ નથી, જેમાં પાટીદાર પર હુમલો થયો હોય અને સુરતમાં વસતા મૂળ સૌરાષ્ટ્રવાસી પાટીદારો પીડિત પરિવારની પડખે ઊભા રહ્યા હોય. પાટીદારોના આ શક્તિપ્રદર્શનના પોસ્ટર બોય એટલે અલ્પેશ કથીરિયા અને મનોજ પનારા. 5 નવેમ્બરે અમરેલીના ફૂલઝર ગામે જૂથઅથડામણ થઈ હતી, જેના પડઘા સુરતમાં પડ્યા હતા. સુરતમાં પાટીદારોની એક બેઠક મળી હતી, જેમાં ભાજપના નેતા અલ્પેશ કથીરિયાએ કહ્યું હતું કે પાટીદાર સમાજે પણ લુખ્ખા પેદા કરવા પડશે. આના પછી મોરબીમાં એક મિટિંગ થઈ, જેમાં અસામાજિક તત્ત્વોને ડામવા જેવા સાથે તેવા બનવું પડશે, એવો હુંકાર કરાયો હતો ત્યારે દિવ્ય ભાસ્કરે સુરત અને મોરબીની મિટિંગના કેન્દ્રમાં રહેલા અલ્પેશ કથીરિયા અને મનોજ પનારા સાથે વાતચીત કરી હતી. ગુજરાતના રાજકારણમાં પાટીદારોનું મજબૂત પ્રભુત્વ છે.

## 'મોડીરાત સુધી મહેનત કરવા છતાં, અધિકારીઓ ત્રાસ આપે'

કચ્છ, તા.22

પંચમહાલ જિલ્લાના ગોધરામાં SIR (શિક્ષક ઈન્ફોર્મેશન રિપોર્ટ) અંતર્ગત સોંપવામાં આવેલી કામગીરીના અસહ્ય ભારણ અને અધિકારીઓના કથિત ત્રાસને લઈને એક ગંભીર ઘટના સામે આવી છે. ગોધરાના એક પ્રાથમિક શિક્ષકે આત્મહત્યાની ચીમકી ઉચ્ચારતો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ કરતાં શિક્ષણ જગત અને વહીવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. 'મોડી રાત સુધી જાગીને મહેનત કરવા છતાં, અધિકારીઓ સતત માનસિક ત્રાસ આપે છે' : શિક્ષક વિનુ બામણીયા પ્રાપ્ત વિગતો અનુસાર, ગોધરાના પ્રાથમિક શિક્ષક વિનુભાઈ બામણીયાએ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ કર્યો હતો, જેમાં તેમણે વહીવટી તંત્રના અધિકારીઓ પર ગંભીર આક્ષેપો કર્યા હતા. વિનુભાઈએ જણાવ્યું હતું કે, તેઓ SIRની કામગીરી માટે મોડી રાત સુધી જાગીને મહેનત કરે છે, તેમ છતાં તંત્રના જવાબદાર અધિકારીઓ દ્વારા તેમને સતત માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે અને હેરાનગતિ કરવામાં આવે છે. કામગીરીના અસહ્ય ભારણ અને સતત દબાણથી માનસિક રીતે ભાંગી પડેલા વિનુભાઈએ અંતે આ વીડિયોમાં આત્મહત્યા કરવાની ચીમકી ઉચ્ચારી છે, જેણે સમગ્ર પંથકમાં ચકચાર જગાવી છે. 'માણસ મશીન નથી, ચપટી વગાડીને કામ નહીં થાય' : શિક્ષક વિનુ બામણીયા, શિક્ષક વિનુભાઈએ વીડિયોમાં ઉગ્ર શબ્દોમાં તંત્રની કાર્યશૈલી પર સવાલો ઉઠાવ્યા હતા.

## CMના હસ્તે રૂ.545 કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

રાજકોટ, તા.22


મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે (22 નવેમ્બર) રાજકોટની મુલાકાતે હતા. તેમણે પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે આયોજિત કાર્યક્રમમાં રૂ. 545 કરોડના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ તકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો હળવો અંદાજ જોવા મળ્યો હતો. તેમણે મંચ પરથી લોકોને પૂછ્યું કે, 'કેટલા વાગ્યાના બેસાડ્યા છે?' જેના જવાબમાં લોકોએ '9 વાગ્યાના બેઠા છીએ' તેમ જણાવ્યું હતું. આ સાંભળીને મુખ્યમંત્રીએ તુરંત માફી માંગી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીએ રાજ્યમાં થઈ રહેલા વિકાસ કાર્યો અને બદલાયેલી રાજનીતિની પેટર્ન પર ભાર મૂક્યો હતો. અને જણાવ્યું હતું કે, બિહાર જેવા બિહારને પણ હવે સમજાઈ ગયું છે કે, વિકાસ અને માત્ર વિકાસની જ રાજનીતિ શક્ય છે. ભૂતકાળમાં ચૂંટણી સમયે વાતો થાય અને ત્યારબાદ કામ થયું એટલું થયું ત્યાં સુધીમાં નવી ચૂંટણી આવી જતી હતી. પરંતુ નરેન્દ્ર મોદીના શાસનમાં આ પેટર્ન બદલાઈ છે, જે વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અમે કરીએ છીએ, તે વિકાસકાર્યોના લોકાર્પણ પણ અમે જ કરીએ છીએ. શહેરી વિકાસ અને આવાસ યોજનાઓ પર ભાર, રાજ્યમાં શહેરી વિકાસ પાછળના ખર્ચની વાત કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, શહેરી વિકાસનું બજેટ અગાઉ 24 હજાર કરોડનું હતું, જે વધારીને 30 હજાર કરોડ રૂપિયાનું કરવામાં આવ્યું છે. તેમણે ગુણવત્તાયુક્ત કામગીરી પર ભાર મૂકતા કહ્યું કે, હવે જે કામ આપણે કરીએ છીએ તે ક્વોલિટીવાળું થાય તેના પર ભાર મૂકીએ છીએ. આવાસ યોજનાઓ વિશે તેમણે કહ્યું કે, હવે જે આવાસ યોજના બને છે તે પ્રાઈવેટ બિલ્ડરો બનાવે તેવી સરકાર આવાસના ક્વાર્ટર બનાવતી થઈ છે. મુખ્યમંત્રીએ રાજકોટ અને જિલ્લાની પાણીની વિકટ પરિસ્થિતિનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, સૌથી વધુ પાણીની વિકટ સ્થિતિ રાજકોટ શહેર તેમજ જિલ્લાએ જોઈ છે. જ્યારે ટેન્કર અને ટ્રેનો ચાલતી હતી ત્યારે વડાપ્રધાન મોદીએ નર્મદાનું પાણી લાવવાનું વિચાર્યું હતું. જેને લઈ સૌરાષ્ટ્રમાં નર્મદાના પાણી મળતા થયા છે. આજે પણ પાણીની સુવિધાનો વધુ સારી રીતે લોકો સુધી પહોંચાડવા કામ થઈ રહ્યા છે. આજના આ કાર્યક્રમમાં કરોડો રૂપિયાના જે કામ છે, તેમાં સૌથી વધુ કામ પાણી માટેના સરકારે કર્યા છે. આ તકે મંત્રી જીતુ વાઘાણીએ પણ કોંગ્રેસને આડે હાથ લેતા જણાવ્યું હતું કે કોંગ્રેસના કાળમાં સૌરાષ્ટ્ર દુઃખી હતું. વિકાસથી દુઃખી, ગુંડાઓથી દુઃખી, લુખ્ખાઓથી દુઃખી હતું. અગાઉ રાજકોટની ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરીમાં મુખ્યમંત્રીના હસ્તે રાઈઝિંગ ઓફ રાજકોટ ચિત્ર પ્રદર્શનનું લોકાર્પણ

### શહેરી વિકાસ અને આવાસ યોજનાઓ પર ભાર

રાજ્યમાં શહેરી વિકાસ પાછળના ખર્ચની વાત કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, શહેરી વિકાસનું બજેટ અગાઉ 24 હજાર કરોડનું હતું, જે વધારીને 30 હજાર કરોડ રૂપિયાનું કરવામાં આવ્યું છે. તેમણે ગુણવત્તાયુક્ત કામગીરી પર ભાર મૂકતા કહ્યું કે, હવે જે કામ આપણે કરીએ છીએ તે ક્વોલિટીવાળું થાય તેના પર ભાર મૂકીએ છીએ. આવાસ યોજનાઓ વિશે તેમણે કહ્યું કે, હવે જે આવાસ યોજના બને છે તે પ્રાઈવેટ બિલ્ડરો બનાવે તેવી સરકાર આવાસના ક્વાર્ટર બનાવતી થઈ છે. મુખ્યમંત્રીએ રાજકોટ અને જિલ્લાની પાણીની વિકટ પરિસ્થિતિનો પણ ઉલ્લેખ કર્યો હતો.

# બેગૂસરાયમાં એન્કાઉન્ટર : હત્યાના આરોપીને બિહાર પોલીસે ગોળી મારી

■ STF પર ફાયરિંગ કરી રહ્યો હતો ; સમ્રાટના ગૃહમંત્રી બનતા જ એક્શન શરૂ





**દિલ્હી, તા.22**

બિહારમાં નવી સરકાર બનતાની સાથે જ પોલીસ ગુનેગારો સામે કાર્યવાહીમાં લાગી ગઈ છે. શુક્રવારે રાત્રે બેગુસરાયમાં સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) અને જિલ્લા પોલીસ વચ્ચેના સંયુક્ત ઓપરેશન દરમિયાન એન્કાઉન્ટર થયું. આ ઘટનામાં એક કુખ્યાત ગુનેગાર ઘાયલ થયો હતો. તેના પર સરપંચના પુત્રની હત્યા કરવાનો આરોપ છે. આ ઘટના સાહેબપુર કમલ પોલીસ સ્ટેશન વિસ્તારના શાલીગ્રામ અને માલ્હીપુર ગામની નજીક બની હતી. ઘાયલ ગુનેગાર શિવદત્ત રાય (ઉં.વ.27) છે, જે તેઘરા પોલીસ સ્ટેશન વિસ્તારના બનહરા ગામના રહેવાસી રાજકિશોર રાયનો પુત્ર છે. પોલીસે ઘટનાસ્થળેથી મોટી માત્રામાં હથિયારો અને રોકડ રકમ પણ જપ્ત કરી છે. ઘાયલ વ્યક્તિ બેગુસરાયની સિવિલ હોસ્પિટલમાં પોલીસ કસ્ટડીમાં સારવાર હેઠળ છે. પોલીસ હજુ સુધી તેની સ્થિતિ જાહેર કરી રહી નથી. સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF)ને માહિતી મળી હતી કે ફરાર ગુનેગાર શિવદત્ત રાય, સાહેબપુર કમલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં માલ્હીપુર નજીક હથિયારો ખરીદવા આવ્યો છે. માહિતી મળતાં, STF ટીમ ત્યાં પહોંચી. સ્થાનિક પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી. STF અને સ્થાનિક પોલીસ ઈનપુટવાળી જગ્યા પર પહોંચી, તો બે બાઈક પર સવાર 6 આરોપીઓ પોલીસને જોતાં જ ગોળીઓ ચલાવવા લાગ્યા. આત્મરક્ષામાં પોલીસે ગોળી ચલાવી તો એક ગોળી શિવદત્ત રાયની જાંઘમાં લાગી અને તે પડી ગયો. બાકીના અપરાધીઓ અંધારાનો ફાયદો ઉઠાવીને ભાગી ગયા. શિવદત્ત રાયને પકડીને પોલીસે જ્યારે પૂછપરછ કરી, તો તેની નિશાનદેહી પર એક ઘરમાંથી મોટી માત્રામાં હથિયાર, રોકડ અને કફ સિરપ જપ્ત કરવામાં આવ્યા છે. 2 સપ્ટેમ્બર, 2022ની રાત્રે તેઘડા પોલીસ સ્ટેશન વિસ્તારના ધનકૌલ પંચાયતના સરપંચ મીના દેવીના બનહારા સ્થિત ઘરે અપરાધીઓએ તાબડતોબ ગોળીબાર કર્યો હતો. જેમાં સરપંચના નાના પુત્ર અવનીશ કુમારનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે મોટો પુત્ર રજનીશ કુમાર ઘાયલ થયો હતો. આ હત્યા લૂંટફાટનો વિરોધ કરવા બદલ થઈ હતી. આ મામલામાં શિવદત્ત રાય અને તેના ગેન્ગના સરગના સહિત અનેક આરોપીઓ પર નામજોગ પ્રાથમીક (FIR) નોંધાવવામાં આવી હતી. આરોપીની ધરપકડ ન થતાં STF તેની પાછળ લાગી હતી, આ દરમિયાન ઈનપુટના આધારે રાત્રે જ્યારે તેની ધરપકડ કરવાની કોશિશ કરવામાં આવી, તો આરોપીઓએ પોલીસ પર ગોળી ચલાવી દીધી. પોલીસ પર 6-7 રાઉન્ડ ગોળી ચલાવી. જવાબમાં પોલીસે પણ ત્રણ રાઉન્ડ ગોળી ચલાવી છે. સરપંચના પુત્રની હત્યાના મામલામાં લગભગ એક વર્ષ પહેલા શિવદત્ત રાયને ગાઝિયાબાદથી ધરપકડ કરીને બેગૂસરાય લાવીને જેલમાં મોકલવામાં આવ્યો હતો અને તે લગભગ બે મહિના પહેલા જ જામીન પર બહાર આવ્યો હતો. 2 સપ્ટેમ્બર, 2022ની રાત્રે તેઘડા પોલીસ સ્ટેશન વિસ્તારના ધનકૌલ પંચાયતના સરપંચ મીના દેવીના બનહારા સ્થિત ઘરે અપરાધીઓએ તાબડતોબ ગોળીબાર કર્યો હતો. જેમાં સરપંચના નાના પુત્ર અવનીશ કુમારનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે મોટો પુત્ર રજનીશ કુમાર ઘાયલ થયો હતો. આ હત્યા લૂંટફાટનો વિરોધ કરવા બદલ થઈ હતી. આ મામલામાં શિવદત્ત રાય અને તેના ગેન્ગના સરગના સહિત અનેક આરોપીઓ પર નામજોગ પ્રાથમીક (FIR) નોંધાવવામાં આવી હતી. આરોપીની ધરપકડ ન થતાં STF તેની પાછળ લાગી હતી, આ દરમિયાન ઈનપુટના આધારે રાત્રે જ્યારે તેની ધરપકડ કરવાની કોશિશ કરવામાં આવી, તો આરોપીઓએ પોલીસ પર ગોળી ચલાવી દીધી. પોલીસ પર 6-7 રાઉન્ડ ગોળી ચલાવી. જવાબમાં પોલીસે પણ ત્રણ રાઉન્ડ ગોળી ચલાવી છે. સરપંચના પુત્રની હત્યાના મામલામાં લગભગ એક વર્ષ પહેલા શિવદત્ત રાયને ગાઝિયાબાદથી ધરપકડ કરીને બેગૂસરાય લાવીને જેલમાં મોકલવામાં આવ્યો હતો અને તે લગભગ બે મહિના પહેલા જ જામીન પર બહાર આવ્યો હતો.

# MPમાં ઠંડીથી 2 લોકોના મોત, 7 જિલ્લામાં કોલ્ડવેવ

## બદ્રીનાથમાં બરફવર્ષા, ઉત્તરાખંડમાં તળાવ થીજી ગયું; રાજસ્થાનમાં ધુમ્મસ, ઠંડીથી થોડી રાહત



**બિહાર, તા.22**

ઉત્તર ભારતના પહાડી રાજ્યોમાં હિમવર્ષાને કારણે મેદાની વિસ્તારોમાં ઠંડી વધી છે. મધ્યપ્રદેશમાં છેલ્લા બે દિવસમાં ઠંડીથી બે લોકોના મોત થયા છે. શુક્રવારે ભોપાલ અને ઈન્દોર સહિત સાત જિલ્લાઓમાં ઠંડીનું મોજું ફરી વળ્યું હતું. પહેલીવાર પચમઢીમાં તાપમાન 5.8 ડિગ્રી સુધી પહોંચ્યું હતું. નર્મદાપુરમમાં વિઝિબિલિટી 500 મીટર નોંધાઈ હતી. રાજસ્થાનમાં, શિયાળાના પવન ફૂંકાતા ઉત્તર-પશ્ચિમી પવનોને કારણે ધુમ્મસ છવાઈ રહ્યું છે. તેના પરિણામે દિવસ દરમિયાન અન્ય દિવસોની તુલનામાં હળવો સૂર્યપ્રકાશ રહે છે. લઘુત્તમ તાપમાનમાં પણ 1 ડિગ્રીનો વધારો થયો છે, જે ઘણા શહેરોમાં એકથી બે અંક સુધી પહોંચી ગયું છે. આગામી બે અઠવાડિયા સુધી તાપમાન ઘટશે નહીં. ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં શેષનેત્ર તળાવ તાપમાનમાં ઘટાડો થવાને કારણે થીજી ગયું. ગુરુવારે બદ્રીનાથ ધામમાં નવેમ્બર મહિનાની પહેલી હિમવર્ષા થઈ, જેનાથી સમગ્ર મંદિર સંકુલ બરફની સફેદ ચાદરથી ઢંકાઈ ગયું. અહીં તાપમાન માઈનસ 6 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું. એક અભ્યાસમાં જણાવાયું છે કે છેલ્લા દાયકા (2015-2024) દરમિયાન ભારતના સરેરાશ તાપમાનમાં આશરે 0.9 ડિગ્રીનો વધારો થયો છે. આના કારણે દેશમાં વારંવાર ગરમીના મોજા વધી રહ્યા છે, અને દર દાયકામાં ગરમ દિવસોની સંખ્યામાં 5 થી 10 દિવસનો વધારો થઈ રહ્યો છે. ભારત, નોર્વે અને નેપાળના આબોહ વા નિષ્ણાતોની ટીમ દ્વારા સંકલિત આ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે 1950ના દાયકા પછી વર્ષના સૌથી ગરમ દિવસે પશ્ચિમ અને ઉત્તરપૂર્વ ભારતમાં તાપમાનમાં 1.5-2 ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો હતો. રાજસ્થાનમાં તીવ્ર ઠંડી વચ્ચે, ઉત્તરપશ્ચિમ દિશાના પવનોએ ધુમ્મસ બનાવવાનું શરૂ કરી દીધું છે. જેના કારણે દિવસ દરમિયાન અન્ય દિવસોની તુલનામાં હળવો સૂર્યપ્રકાશ રહે છે. રાત્રિનું લઘુત્તમ તાપમાન પણ 1 ડિગ્રી વધ્યું છે, જે ઘણા શહેરોમાં એકથી બે અંક સુધી પહોંચી ગયું છે. છેલ્લા 24 કલાક દરમિયાન, હિલ સ્ટેશન માઉન્ટ આબુ સિવાય સૌથી ઠંડુ શહેર સીકર નજીક ફતેહપુર હતું, જ્યાં લઘુત્તમ તાપમાન 6.6 ડિગ્રી નોંધાયું હતું. જેના કારણે દિવસ દરમિયાન અન્ય દિવસોની તુલનામાં હળવો સૂર્યપ્રકાશ રહે છે. રાત્રિનું લઘુત્તમ તાપમાન પણ 1 ડિગ્રી વધ્યું છે, જે ઘણા શહેરોમાં એકથી બે અંક સુધી પહોંચી ગયું છે. છેલ્લા 24 કલાક દરમિયાન, હિલ સ્ટેશન માઉન્ટ આબુ સિવાય સૌથી ઠંડુ શહેર સીકર નજીક ફતેહપુર હતું, જ્યાં લઘુત્તમ તાપમાન 6.6 ડિગ્રી નોંધાયું હતું.



દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં G20 નેતાઓના સમિટમાં ઇટાલિયન સમકક્ષ જ્યોર્જિયા મેલોની સાથે મુલાકાત દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી...

# મહારાષ્ટ્રમાં ચાલતી કારમાં ડ્રાઈવરને હાર્ટ-એટેક આવ્યો

## 4-5 વાહનને કચડી નાખ્યાં, 4નાં મોત, 3 ઘાયલ; એક બાઈકસવાર હવામાં ઊછળીને ફ્લાયઓવરથી નીચે પટકાયો



**મહારાષ્ટ્ર, તા.22**

મહારાષ્ટ્રના થાણે જિલ્લાના અંબરનાથ શહેરમાં શુક્રવારે સાંજે 6.42 વાગ્યે કાર ચલાવી રહેલી એક વ્યક્તિને અચાનક હાર્ટ-એટેક આવ્યો. આ પછી બેકાબૂ કાર સામેથી આવતાં વાહનો સાથે અથડાઈ અને પલટી ગઈ. શહેરના ફ્લાયઓવર પર થયેલા આ અકસ્માતમાં 4 લોકોનાં મોત થયાં છે અને 3 લોકો ઘાયલ થયા છે. આખી ઘટના ફ્લાયઓવર પાસેની ઈમારત પર લાગેલા CCTVમાં રેકોર્ડ થઈ છે. ફૂટેજમાં દેખાય છે કે સાંજે 6 વાગ્યે 42 મિનિટે એક ફુલ સ્પીડે કાર સામેથી આવી રહેલા બે ટૂ-વ્હીલર સહિત 4થી 5 વાહન સાથે અથડાય છે અને પલટી ખાઈ જાય છે. વીડિયોમાં એવું પણ દેખાય છે કે ટક્કરના કારણે બાઈકસવાર એક વ્યક્તિ હવામાં ઊછળીને ફ્લાયઓવર પરથી નીચે જઈને પડી. અકસ્માત પછી તરત જ લોકોની ભીડ જામી ગઈ અને ઘાયલોને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા. આ દુર્ઘટનામાં 4 લોકોનાં મોત થયા છે, 3 લોકો ઘાયલ છે અને તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. તેમની હાલત પણ ગંભીર જણાવાઈ રહી છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, કાર-ડ્રાઈવરને અચાનક હાર્ટ-એટેક આવ્યો હતો. આના કારણે કારનું સંતુલન બગડ્યું અને અકસ્માત થયો. ડ્રાઈવરનું પણ આ ઘટનામાં મોત થયું છે. પોલીસનું કહેવું છે કે કેસ દાખલ કરવામાં આવ્યો છે અને ઘટનાનાં કારણોની તપાસ કરવામાં આવી રહી છે. શહેરના ફ્લાયઓવર પર થયેલા આ અકસ્માતમાં 4 લોકોનાં મોત થયાં છે અને 3 લોકો ઘાયલ થયા છે. આખી ઘટના ફ્લાયઓવર પાસેની ઈમારત પર લાગેલા CCTVમાં રેકોર્ડ થઈ છે. ફૂટેજમાં દેખાય છે કે સાંજે 6 વાગ્યે 42 મિનિટે એક ફુલ સ્પીડે કાર સામેથી આવી રહેલા બે ટૂ-વ્હીલર સહિત 4થી 5 વાહન સાથે અથડાય છે અને પલટી ખાઈ જાય છે. વીડિયોમાં એવું પણ દેખાય છે કે ટક્કરના કારણે બાઈકસવાર એક વ્યક્તિ હવામાં ઊછળીને ફ્લાયઓવર પરથી નીચે જઈને પડી. અકસ્માત પછી તરત જ લોકોની ભીડ જામી ગઈ અને ઘાયલોને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા. આ દુર્ઘટનામાં 4 લોકોનાં મોત થયા છે, 3 લોકો ઘાયલ છે અને તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. તેમની હાલત પણ ગંભીર જણાવાઈ રહી છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, કાર-ડ્રાઈવરને અચાનક હાર્ટ-એટેક આવ્યો હતો. આના કારણે કારનું સંતુલન બગડ્યું અને અકસ્માત થયો. ડ્રાઈવરનું પણ આ ઘટનામાં મોત થયું છે. પોલીસનું કહેવું છે કે કેસ દાખલ કરવામાં આવ્યો છે અને ઘટનાનાં કારણોની તપાસ કરવામાં આવી રહી છે.

# મહારાષ્ટ્રમાં 13 વર્ષની વિદ્યાર્થિનીએ સ્કૂલની બિલ્ડિંગ પરથી છલાંગ લગાવી

## પિતાનો આરોપ- શિક્ષકે ટોર્ચર કરી; છેલ્લા 22 દિવસમાં બાળકોના આપઘાતની ચોથી ઘટના



**મહારાષ્ટ્ર, તા.22**

દેશભરમાં હાલમાં થયેલા સ્કૂલના વિદ્યાર્થીઓના આત્મહત્યાના બનાવોએ ઘણા લોકોને આઘાત પહોંચાડ્યો છે. કેટલાકે સ્કૂલ પ્રશાસન પર ત્રાસ આપવાનો આરોપ લગાવ્યો છે, તો કેટલાકે વર્ગ શિક્ષકો પર ટોર્ચર કરવાનો આરોપ લગાવ્યો છે. છેલ્લા કેટલાક દિવસોમાં રાજસ્થાન, દિલ્હી, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાંથી સ્કૂલના વિદ્યાર્થીઓના આત્મહત્યાના કિસ્સાઓ સામે આવ્યા છે. મહારાષ્ટ્રના જાલનામાં શુક્રવારે 13 વર્ષની એક વિદ્યાર્થિનીએ તેની સ્કૂલની બિલ્ડિંગ પરથી કૂદીને આત્મહત્યા કરી હતી. આ ઘટના સવારે 7:30 થી 8:00 વાગ્યાની વચ્ચે બની હતી, જેના કારણે વિદ્યાર્થીઓ, સ્ટાફ અને આસપાસના લોકોમાં ગભરાટ ફેલાયો હતો. મૃતક વિદ્યાર્થિનીનું નામ આરોહી દીપક બિડલાન છે, જે 7મા ધોરણની વિદ્યાર્થિની છે. આરોહી સવારે રાબેતા મુજબ સ્કૂલે પહોંચી પરંતુ થોડી જ વારમાં તેના પિતા દીપક બિડલાનને સ્કૂલમાંથી ફોન આવ્યો કે તેમની પુત્રીએ ત્રીજા માળેથી કૂદીને આત્મહત્યા કરી લીધી છે. પરિવાર તાત્કાલિક સ્કૂલે દોડી ગયો અને ઘાયલ આરોહીને પહેલા ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવી અને બાદમાં સરકારી હોસ્પિટલમાં રિફર કરવામાં આવી, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવી. આરોહીના પિતાનો આરોપ છે કે તેમની પુત્રી તેના શિક્ષકો દ્વારા માનસિક ત્રાસથી પીડાતી હતી.

# ધનખર બોલ્યા-ભગવાન કરે કોઈ નેરેટિવના ચક્કરમાં ન ફસાય

## ભોપાલમાં કહ્યું- જે જાગતી વખતે પણ સૂઈ જાય છે તેને જગાડી નથી શકાતો; રાજીનામાના સવાલ પર હાથ જોડ્યા






**ધનખરે કહ્યું- હું અંગ્રેજીમાં બોલીશ, કેટલાક લોકો અભિપ્રાયને તોડી-મરોડીને રજૂ કરે છે**

ધનખરે કહ્યું કે મેં વિચાર-વિમર્શ પછી નક્કી કર્યું કે હવે અંગ્રેજીમાં સંબોધન કરીશ, કારણ કે જે લોકો સમજવા જ નથી માગતા, તેઓ કોઈ પણ ભોગે વાતને ખોટા નેરેટિવમાં ઢાળી દેશે. તેમણે કહ્યું કે રાષ્ટ્રના વ્યાપક કોન્સેપ્ટને સીમિત કરી દેવામાં આવ્યો છે. વળી, વ્યક્તિ એકલો લડી શકતો નથી, પરંતુ સંસ્થા લડી શકે છે. ફ્લાઈટ પકડવાની ચિંતામાં ફરજ ન છોડી શકું ધનખરે કહ્યું, આ ખૂબ જ જૂની કહાની છે અને ખૂબ જ મુશ્કેલ છે... તમે ઊંઘી રહેલા વ્યક્તિને જગાડી શકો છો, પરંતુ જાગીને પણ ઊંઘી રહેલો હોય એ વ્યક્તિને ન જગાડી શકો. તમે બળનો ઉપયોગ કરી શકો છો.

**કર્ણાટક, તા.22**

પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે શુક્રવારે સાંજે ભોપાલના રવીન્દ્ર ભવનમાં કહ્યું કે, ભગવાન કરે કોઈ નેરેટિવના ચક્કરમાં ન ફસાય. જે સમજવા નથી માગતા, તે કોઈ પણ ભોગે વાતને ધૂંધળી કરશે. જે જાગીને પણ સૂઈ ગયો હોય, તેને જગાડી ન શકાય. તેઓ અહીં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અખિલ ભારતીય કાર્યકારિણી સદસ્ય ડૉ. મનમોહન વૈદ્યની પુસ્તક 'હમ ઔર યહ વિશ્વ'ના વિમોચન કાર્યક્રમમાં સામેલ થયા હતા. ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપ્યા પછી આ તેમનું પહેલું મોટું સાર્વજનિક સંબોધન હતું. કાર્યક્રમના અંતમાં જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેમણે ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું કેમ આપ્યું, તો તેમણે માત્ર હાથ જોડી દીધા, ગાડીમાં બેઠા અને કંઈપણ બોલ્યા વિના ત્યાંથી જતા રહ્યા.

ધનખરે કહ્યું- હું અંગ્રેજીમાં બોલીશ, કેટલાક લોકો અભિપ્રાયને તોડી-મરોડીને રજૂ કરે છે, ધનખરે કહ્યું કે મેં વિચાર-વિમર્શ પછી નક્કી કર્યું કે હવે અંગ્રેજીમાં સંબોધન કરીશ, કારણ કે જે લોકો સમજવા જ નથી માગતા, તેઓ કોઈ પણ ભોગે વાતને ખોટા નેરેટિવમાં ઢાળી દેશે. તેમણે કહ્યું કે રાષ્ટ્રના વ્યાપક કોન્સેપ્ટને સીમિત કરી દેવામાં આવ્યો છે. વળી, વ્યક્તિ એકલો લડી શકતો નથી, પરંતુ સંસ્થા લડી શકે છે. ફ્લાઈટ પકડવાની ચિંતામાં ફરજ ન છોડી શકું ધનખરે કહ્યું, આ ખૂબ જ જૂની કહાની છે અને ખૂબ જ મુશ્કેલ છે... તમે ઊંઘી રહેલા વ્યક્તિને જગાડી શકો છો, પરંતુ જાગીને પણ ઊંઘી રહેલો હોય એ વ્યક્તિને ન જગાડી શકો. તમે બળનો ઉપયોગ કરી શકો છો. તેમના સંબોધન દરમિયાન, એક સાથીદારે તેમને ફ્લાઈટના સમયની યાદ અપાવી, અને ધનખરે જવાબ આપ્યો, હું ફ્લાઈટ પકડવાની ચિંતામાં મારી ફરજ ન છોડી શકું. ધનખરે કહ્યું- હંમેશા તમારા મૂળ સાથે જોડાયેલા રહો ધનખરે કહ્યું, કેટલાક લોકોએ ભારે હોબાળો મચાવ્યો છે. પડકારો વચ્ચે તમારી જાતને મજબૂત રાખો. દેશભક્તિ ખૂબ જ મહત્વપૂર્ણ છે. દેશ પ્રત્યેની તમારી લાગણીઓને સમજો અને જે તેના હિતમાં છે તે કરો. દેશ પ્રત્યે તમારી ફરજો છે, તેને પૂર્ણ કરો. આ પણ દેશભક્તિ છે. કંઈપણ સમજ્યા વિના કોઈપણ જાતિમાં જોડાઓ નહીં. બાબતને સમજો, જાણો. તમારા મૂળ ને છોડો, હંમેશા તેમની સાથે જોડાયેલા રહો. હંમેશા તમારા મનને ટોનિક આપવા માટે અભ્યાસ કરો. સમજો, સારાને સમજો. સમાજના ભલા માટે પ્રયત્નશીલ રહો. આજે, આપણું ભારત બદલાઈ રહ્યું છે. તે આપણને તેના ભૂતકાળના ગૌરવની યાદ અપાવે છે. ક્ષેત્ર કોઈ પણ હોય, આપણે આગળ વધી રહ્યા છીએ. વૈદ્યએ ધનખરને પોતાનો રક્ષક કહ્યો, મનમોહન વૈદ્યએ કાર્યક્રમમાં પોતાના સંબોધનની શરૂઆત જગદીપ ધનખરને પોતાના વાલી ગણાવીને કરી. વૈદ્યએ કહ્યું કે એક ઘટનાએ તેમની અંદરના લેખકને જાગૃત કર્યો. વૈદ્યએ કહ્યું, બિનજરૂરી વિરોધથી સંઘને ફાયદો થાય છે. પ્રણવ મુખર્જીને સંઘના ત્રીજા ધોરણના તાલીમ વર્ગમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેઓ સંઘમાં જોડાવાના નહોતા. તેઓ ફક્ત સભાને સંબોધવાના હતા, પરંતુ તેમને તીવ્ર વિરોધનો સામનો કરવો પડ્યો. બિનજરૂરી વિરોધ જોઈને મેં લખવાનું શરૂ કર્યું. વૃંદાવનમાં શ્રી આનંદમ ધામ આશ્રમના મુખ્ય પૂજારી રિતેશ્વર મહારાજ અને વરિષ્ઠ પત્રકાર વિષ્ણુ ત્રિપાઠી આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાષ્ટ્રપતિ પદેથી રાજીનામું આપ્યા પછી ધનખરનું આ પહેલું મોટું જાહેર ભાષણ હતું. ભાજપના નેતાઓ એરપોર્ટ પર પહોંચ્યા નહીં, દિગ્વિજયે તેમના પર નિશાન સાધ્યું ધનખરનું સ્વાગત કરવા માટે કોઈ ભાજપ નેતા એરપોર્ટ પર પહોંચ્યા ન હતા. ભૂતપૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહે ટિપ્પણી કરી હતી કે ભાજપ એવા લોકોની કદર કરે છે જે તેમના માટે ઉપયોગી છે. ભાજપની નીતિ 'યુઝ એન્ડ થ્રો' છે.

## તંત્રી લેખ

# OLA-UBER તમને કેવી રીતે છેતરે છે?:90% લોકો ફસાયાનો ખુલાસો

શું ક્યારેય તમારી સાથે એવું બન્યું છે કે Ola કે Uber બુક કરતી વખતે તમને સ્ક્રીન પર ભાવ 200 બતાવે, પણ રાઈડ પૂરી થાય ત્યારે બિલ 270 થઈ જાય? જો હા, તો તમે એકલા નથી...

લોકલ સર્કલ્સના રિપોર્ટ મુજબ 90% ભારતીયો આ જાળમાં ફસાય છે. આ કોઈ ટેક્નિકલ ભૂલ નથી, પરંતુ જાણીજોઈને ગોઠવાયેલી એક જાળ છે, જેને 'ડાર્ક પેટર્ન' કહેવાય છે. આજના ભાસ્કર એક્સપ્લેનરમાં સમજીએ કેબ એપ્સની એ માયાજાળ, જેનાથી આપણું ખિસ્સું રોજ ખાલી થાય છે.

સૌથી પહેલી અને ખતરનાક ટ્રિક:

ડ્રિપ પ્રાઈસિંગ (Drip Pricing) તમે જ્યારે રાઈડ બુક કરો ત્યારે તમને ઓછો ભાવ બતાવીને લલચાવવામાં આવે છે. આને 'ડ્રિપ પ્રાઈસિંગ' કહે છે. જેવી તમારી રાઈડ પૂરી થાય, એટલે કેબ એપ્સ તેમાં સર્જ પ્રાઇસ, પ્લેટફોર્મ ફી અને વેઈટિંગ ચાર્જ જેવા અનેક છૂપા ખર્ચ ઉમેરી દે છે. તમને શરૂઆતમાં દેખાડેલો ભાવ અને અંતે ચૂકવવો પડતો ભાવ અલગ હોય છે.

બીજી ટ્રિક: ફોર્સ્ડ એક્શન

ઘણીવાર એવું બને છે કે તમે કેબ બુક કરો, ડ્રાઈવર આવવાની ના પાડે અને તમને સામેથી ફોન કરીને કહે - 'તમે કેન્સલ કરી દો'. જેવું તમે કેન્સલ કરો, એટલે તમારા પર 'કેન્સલેશન ફી' લાગે છે. અહીં ભૂલ ડ્રાઈવરની હોવા છતાં સજા (દંડ) તમારે ભોગવવી પડે છે. લોકલ સર્કલના રિપોર્ટ મુજબ 90% ભારતીયો આમાં ફસાય છે. ડ્રાઈવર કહે તોપણ રાઈડ કેન્સલ કરતાં પહેલાં કારણો ચકાસો.

ત્રીજી ટ્રિક: બેટ એન્ડ સ્વિચ

આ એક માનસિક રમત છે. એપ તમને બતાવે છે કે કેબ માત્ર 1 મિનિટમાં આવી જશે. તમે ઉતાવળમાં બુક કરો કે તરત જ સમય બદલાઈને 10 મિનિટ થઈ જાય છે. પેલી 1 મિનિટવાળી વાત માત્ર તમને ફસાવવા અને બુકિંગ કરાવવા માટેનું એક જુઠ્ઠાણું હોય છે.

તમારા મનોવિજ્ઞાન સાથે રમત ખાલી આટલું જ નહીં, કેબ એપ્સ બીજી પણ અનેક રીતે તમને ઘેરે છે:

'એક્સ્ટ્રા 20 આપો, જલદી કેબ મળશે' એવી લાલચ આપવી.

કેન્સલ બટનને એટલું છુપાવી દેવું કે તમે એને સરળતાથી શોધી જ ન શકો. આ બધું ડિઝાઇન જ એવી રીતે કરાયું છે કે ગ્રાહક કંટાળીને પૈસા ચૂકવી દે. આ એપ્સ તમારી સુવિધા માટે ઓછી અને તમારી પાસેથી વધુ પૈસા ખંખેરવા માટે વધુ કામ કરે છે.

આટલું ખાસ યાદ રાખો

સરકાર અત્યારે આ બાબતો પર નજર રાખી રહી છે, પરંતુ હજુ સુધી કોઈ કડક કાયદાકીય કાર્યવાહી કે ચોક્કસ નિયમો બન્યા નથી, તેથી સરકાર કંઈ કરે કે ન કરે, તમારે જાગ્રત રહેવું પડશે. રાઈડ બુક કરતી વખતે અને પેમેન્ટ કરતી વખતે બિલ બ્રેકઅપ હંમેશાં ચેક કરો. ડ્રાઈવર કહે તો પણ વગર કારણે રાઈડ કેન્સલ ન કરો, એમાં 'ડ્રાઈવર ડિનાઈડ ડ્યૂટી' ઓપ્શન પસંદ કરો. ખોટા ચાર્જ લાગે તો તરત એપના સપોર્ટમાં ફરિયાદ કરો.

# આખરે 26/11 જેવા આતંકી હુમલાનો ક્યારે આવશે અંત!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)


21/11 એ ફેમિલી મેનની ત્રીજી સીઝન શરૂ થઈ, જોકે હજી એનું ટ્રેલર જ જોયું, અને જે બોમ્બ બ્લાસ્ટનાં સીન જોયાં, હૃદય કમકમી ગયું ! ભલે એ તો બધું શૂટિંગ માટે થયું હોય, પણ સાચે જ જો આવાં કોઈ આતંકી હુમલા થયાં ન્હોત તો દેશ અત્યારે ક્યાંનો ક્યાં પહોંચ્યો હોત! અને ભારતનાં વિકાસને તોડવા માટે જ કદાચ..પરંતુ આ જોઈ નવેમ્બરની 26/11 2008ની એ ગોઝારી ઘટના યાદ આવી ગઈ. જેમાં 10 સશસ્ત્ર સજ્જ આતંકવાદી ઓએ દેશની આર્થિક રાજધાની ગણાતાં મુંબઈમાં હુમલો કર્યો, આ હુમલા તાજ હોટેલ, ઓબેરોય હોટેલ, કામા હૉસ્પિટલ, સીએસટી સ્ટેશન, સેન્ટ ઝેવિયર્સ કોલેજ, લિયોપોલ્ડ કેફે, મેટ્રો સિનેમા, મુંબઈ છબડ હાઉસ અને આ ઉપરાંત ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં આતંકવાદીઓ નિર્દયતાથી ગોળીઓ વરસાવી. હુમલો લગભગ 60 કલાક ચાલ્યો, જેમાં સુરક્ષાકર્મીઓ અને વિદેશીઓ સહિત 166 લોકો માર્યા ગયાં, અને 300થી વધુ લોકો ઘાયલ થયાં હતાં, જેમાં 26 વિદેશીઓ પણ હતાં. સિરિયલ બ્લાસ્ટ કરનારા આ આતંકવાદી ઓ હોટલ તાજમાં છુપાવામા સફળ થયાં, અને આમ 13 માંથી 10 આતંકવાદી હોટલ તાજમાં છુપાયાં હતાં. 26/11 મુંબઈ ટેરર એટેકને 17 વર્ષ પૂર્ણ થશે. આ આખું ઓપરેશન પાર પાડવામાં જે ખાખી વર્દી એટલે મુંબઈ પોલીસના ઓફિસરો અને બાહોશ પોલીસ જવાનોએ બલિદાન આપ્યું છે, એને યાદ કરી શ્રદ્ધાંજલિ આપીએ. એથી પણ વધુ વિશ્વમાંથી આતંકવાદ ખત્મ થાય એ માટે વિશ્વનાં તમામ દેશ એ સત્તાની કે મહા સત્તાની લાલચમાંથી બહાર આવી વૈશ્વિક શાંતિ માટે વિચારવું પડશે, વસુધૈવ કુટુંબની ભારતીય મૂળની પરંપરાને જીવિત કરવી પડશે, અને બધાં સાથે પરિવાર જન જેવો ભાવ રાખવો પડશે.

28 નવેમ્બરની વહેલી સવારે મુંબઈ પોલીસ તથા સુરક્ષા દળો દ્વારા તાજ હોટેલની આજુબાજુ કડક સુરક્ષા ગોઠવી દેવાઇ હતી. બીજે દિવસે, 29 નવેમ્બરના રોજ રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડસ્ દ્વારા શેષ રહેલા આતંકવાદીઓને ઠાર કરવા ઓપરેશન બ્લેક ટોર્નેડો હાથ ધર્યું. જેના પરીણામ રુપે બધા જ આતંકવાદીઓને મારી નખાયા. હુમલાનો એક માત્ર જીવીત આતંકવાદી, અજમલ કસાબ દ્વારા જાહેર કરવામાં આવ્યુ કે તેઓ પાકિસ્તાનના લશ્કર એ તોયબાસંગઠનના સભ્યો હતા.બાદમાં સુપ્રીમ કોર્ટે અજમલ કસાબને ફાંસીની સજા આપી.

આ આખાં ઓપરેશનમાં ત્રણ પોલીસ કમિશનર અને એક પોલીસ ઈન્સ્પેક્ટર શહીદ થયાં અને બાદમાં તેમને અશોક ચક્રની પદવી એનાયત કરવામાં આવી.

**હેમંત કરકરે મુંબઈ આતંકવાદ વિરોધી દળના વડા હતા. તેઓએ 1982 થી 2008 સુધી પોતાની ફરજ બજાવી અને 2008 ના મુંબઈ આતંકી હુમલાદરમિયાન છાતીમાં ત્રણ ગોળી વાગતાં શહીદ થયા હતા.તેમને 26 જાન્યુઆરી 2009 ના રોજઅશોક ચક્ર મૃત્યુપર્યંત એનાયત કરાયો હતો.

**અશોક કામ્ટેમુંબઈ પોલીસના પૂર્વ વિભાગ અધિક પોલીસ કમિશ્નર હતા. તેઓ2008 મુંબઈ હુમલાદરમિયાન આતંકવાદીઓ વિરોધી કાર્યવાહીમાં શહીદ થયા હતા.તેમને વીરતા માટે ભારતનો શાંતિકાળનો સર્વોચ્ચ પુરસ્કારઅશોક ચક્રએનાયત કરાયો હતો.



**તુકારામ ઓમબ્લે પણ 1991 મા મુંબઈ પોલીસમાં મદદનીશ સબ ઈન્સપેક્ટર તરીકે નિયુક્ત હતા. તેઓ1954 મા ભારતીય ભૂમિ સેના માંથી નિવૃત્ત થયા બાદ પોલીસમાં જોડાયા હતા. તેઓ પણ 2008 મુંબઈ આતંકી હુમલાદરમિયાન ગિરગામ ચોપાટી, મુંબઈ ખાતે આતંકવાદીઓ વિરુદ્ધની કાર્યવાહીમાં શહીદ થયા હતા. તેઓએ હુમલામાં સંડોવણી ધરાવતા આતંકવાદી અજમલ કસાબને જીવિત પકડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. પાછળથી અજમલ કસાબ પર ખટલો ચાલ્યો, અને તેને ફાંસી પર ચડાવાયો હતો. આ સાહસ, નિસ્વાર્થતા અને સર્વોચ્ચ બલિદાન માટે ઓમ્બલેને ભારત સરકારેઅશોક ચક્રવડે મૃત્યુપર્યંત નવાજ્યા હતા.

26/11 2008 ના આ સિરિયલ બ્લાસ્ટ વિશે સર્ચ કરતી હતી તો ઘણી એવી વાત જાણવા મળી કે જે ખરેખર આપણને સમગ્ર ટાટા ગૃપ માટે પ્રાઉડ ફીલ કરાવે.

સૌ પ્રથમ તો હોટલ તાજ બનવા પાછળનું કારણ, એકવાર જમશેદજી ટાટા બ્રિટન ગયા અને ત્યાં તેમને ભારતીય હોવાને કારણે હોટલમાં રોકાવાની મંજૂરી આપી નહીં! અને ત્યારે એમણે ભારતમાં એક ભવ્ય હોટલ બનાવશે કે જે ફક્ત ભારતીય નહીં પણ દુનિયા માટે આકર્ષણનું કેન્દ્ર બનશે! અને આમ ગેટ વે ઓફ ઈન્ડિયા ના 10 વર્ષ પહેલાં એટલે કે 1903 મા હોટલ તાજનું નિર્માણ થયું. હોટલ તાજ એ ઈન્ડિયન નેવીને રસ્તો બતાવવા માટે એક ટ્રાયંગલ પોઈન્ટનું કામ કર્યું છે. ફર્સ્ટ વર્લ્ડ વૉર દરમિયાન હોટલ તાજને એક હોસ્પિટલમાં બદલવામાં આવી હતી. આ ઉપરાંત આ હોટલ સાથે બીજી પણ ખાસિયત જોડાયેલી છે. જેમાંઆખોદિવસ બાર અને આખો દિવસ રેસ્ટોરન્ટ ચલાવવા માટે લાઈસેન્સ મળ્યું હતું. 1972માં દેશમાં પહેલીવાર 24 કલાક ખુલી રહેનાર કોફી શોપ પણ અહીં જ હતી. પહેલીહોટલ કે જેમાં ઈન્ટરનેશનલ સ્તરનું ડિસ્કોથેક હતું. જર્મન એલિવેટર્સ લગાવવામાં આવ્યા હતા. તુર્કીના બાથ ટબ અને અમેરિકન કંપનીના પંખા લગાવવામાં આવ્યા હતા. પ્રથમહોટેલ કેજેમાંબ્રિટીશ બટલર્સને હાયર કર્યા હતા. પ્રથમ ચાર દાયકા સુધી, હોટલના રસોડાઓ ફ્રેન્ચ શેફ દ્વારા ચલાવવામાં આવતા હતા. આતંકવાદી હુમલા બાદ બરાક ઓબામા આ હોટલમાં રોકાનારા પહેલા વિદેશી રાષ્ટ્રપતિ હતા.હોટલની શરૂઆતમાં સિંગલ રૂમનું ભાડું દસ રૂપિયા હતું. પંખા અને અટેચ્ડ બાથરૂમ વાળા રૂમનું ભાડું 13 રૂપિયા હતું.

હવે પાછા 26/11/2008 પર આવીએ, આ 26/11 નાં સિરિયલ બ્લાસ્ટમાં હોટલ તાજ પણ સામેલ હતી. 600 રૂમ અને 44 સ્યુટ ધરાવતી ભારતની પ્રથમ લક્ઝરી હોટેલ તાજ મહેલ પેલેસ પર પાકિસ્તાનનાં 10 આતંકવાદી ઓએ હુમલો કર્યો હતો. આપણે સૌ જાણીએ છીએ તેમ હોટલ તાજ એ ટાટા ગૃપ અંડર આવે છે અને એટલે રતન ટાટાને આ સમાચાર મળતાં જ તેઓ થોડીવારમાંતાજહોટલનાં ગેટ પર પહોંચી ગયાં. તમામ અવરોધો છતાં રતન ટાટા તાજહોટલની અંદર ગયા અને ત્યાં ત્રણ દિવસ અને ત્રણ રાત રોકાયા. એમણે તાત્કાલિક એવી જાહેરાત કરી કે ભલે આખી સંપત્તિ એટલે કે હોટલ ઉડાવી દેવી પડે પણ એક પણ આતંકવાદી બચવો ન જોઈએ.

26/11 હુમલા પછી રતન ટાટાએ જે કર્યું તે માત્ર તેઓ જ કરી શક્યા હતાં. હુમલાના 20 દિવસની અંદર તેમણે એક ટ્રસ્ટની રચના કરી. આ 20 દિવસમાં આ ટ્રસ્ટે હુમલામાં માર્યા ગયેલાં દરેક કર્મચારીના પરિવારને 36 લાખથી 85 લાખ રૂપિયા સુધીનું વળતર આપ્યું હતું. માત્ર તાજ હોટલના કર્મચારીઓને જ નહીં પરંતુ આતંકવાદી હુમલાનો ભોગ બનેલા અન્ય લોકોને પણ વળતર આપ્યું હતું, જેમ કે રેલ્વે કર્મચારીઓ, પોલીસ સ્ટાફ, ત્યાંથી પસાર થતા લોકો. રતન ટાટાએ આતંકવાદી હુમલાનો ભોગ બનેલા લોકોનાં બાળકોના શિક્ષણની સંપૂર્ણ જવાબદારી પણ લીધી હતી. તમને જાણીને નવાઈ લાગશે કે જે કામ રતન ટાટાએ માત્ર 20 દિવસમાં ટ્રસ્ટ બનાવીને કર્યું, એ જ કામ કરવામાં સરકારને વર્ષો લાગ્યાં. પરંતુ રતન ટાટાએ આ કામ ઝડપથી કર્યું. તો 26/11 2008 ની ગોઝારી ઘટના ઘટી ત્યારે જે શહીદ થયાં એને તો આપણે યાદ કરવાનાં જ છે! અને તેમની બહાદૂરીને વંદન કરી શ્રદ્ધાંજલિ આપવાની છે, પણ જેમણે આ આખી ઘટનામાં નુકશાન પહોંચ્યું એ તમામને વળતર આપ્યું એ દેશપ્રેમી રતન ટાટાનાં દેહ વિલયને પણ એક વર્ષ ઉપર થયું ! અને ભારતે આવાં એક સાધુ ચરિતને ગુમાવ્યા કે જેણે પોતાની પહેલા દેશ માટે હંમેશા વિચાર્યું. ભારતની શાન ગણાતી આવી હોટલનું નિર્માણ કરનાર જમશેદજી ટાટાને પણ વંદન ! કારણકે એમનાં દેશપ્રેમ આગળ આપણું મસ્તક કાયમ નમવું જોઈએ. ધન્ય છે એ ભારત ભૂમિના સૌ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ વીરને. જય હિન્દ.

# 25મી નવેમ્બરે વિવાહપંચમી : તુલસીદાસે આ તિથિએ શ્રી રામચરિત માનસ ગ્રંથ પૂર્ણ કર્યો હતો

અમદાવાદ, તા. 23

માગશર મહિનાની સુદ પક્ષનો પાંચમો દિવસ 25 નવેમ્બરના રોજ આવે છે. તેને લગ્ન પંચમી કહેવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે ત્રેતાયુગમાં આ તિથિએ ભગવાન રામ અને દેવી સીતાના લગ્ન થયા હતા. આ તહેવાર પર ભગવાન રામ અને સીતાના મંદિરોમાં દર્શન અને પૂજા કરવાનું વિશેષ મહત્ત્વ છે. ભક્તો પૂજા, યજ્ઞ અને ધાર્મિક વિધિઓ કરે છે. ઘણી જગ્યાએ શ્રી રામચરિતમાનસનો પાઠ પણ કરવામાં આવે છે.

ઉજ્જૈનના જ્યોતિષી પંડિત મનીષ શર્માના જણાવ્યા મુજબ, ગોસ્વામી તુલસીદાસે વિવાહ પંચમીના દિવસે શ્રી રામચરિતમાનસ પૂર્ણ કર્યા હતા. તેથી, વિવાહ પંચમીના દિવસે શ્રી રામચરિતમાનસનો પાઠ કરવો જોઈએ. આમ કરવાથી, ભગવાન રામના આશીર્વાદથી ઘરમાં શાંતિ અને સુખનો વાસ થાય છે. વિવાહ પંચમી પર તમે આ રીતે ભગવાન રામ અને સીતાની પૂજા કરી શકો છો,

વિવાહ પંચમીના દિવસે, સવારે વહેલા ઉઠો. સ્નાન કર્યા પછી, સૂર્ય દેવને જળ અર્પણ કરો. ઘરના મંદિરમાં પૂજા માટે એક પ્લેટફોર્મ તૈયાર કરો. ચબુતરાના બાજોઠ પર કપડું પાથરી ભગવાન રામ, લક્ષ્મણ, સીતા, હનુમાન, ભરત અને શત્રુઘ્નની મૂર્તિઓ સ્થાપિત કરો. પાણી અને પંચામૃત (દૂધ, દહીં, ઘી, ખાંડ અને મધનું મિશ્રણ) થી દેવતાનો અભિષેક કરો. પંચામૃત પછી, શુદ્ધ જળ અર્પણ કરો. અભિષેક પછી, મૂર્તિઓને કપડાં, માળા અને ફૂલોથી શણગારો. ભગવાન રામને વરરાજા અને સીતાને કન્યા તરીકે શણગારો. ફળો, ફૂલો અને અન્ય પૂજા સામગ્રી અર્પણ કરો. ધૂપદાંડી અને દીવા પ્રગટાવો. મીઠાઈઓ અર્પણ કરો. આરતી કરો. પૂજાના અંતે, જાણતાં-અજાણતાં થયેલી ભૂલો માટે માફી માગો. પૂજા પછી, પ્રસાદ વહેંચો અને જાતે પ્રસાદ લો. પૂજા દરમિયાન તમે સીતા-રામ, સીતા-રામ, સીતા-રામ નામોનો જાપ કરી શકો છો. જો તમે ઈચ્છો તો, તમે રામાય નમઃ મંત્રનો જાપ પણ કરી શકો છો. તમે શ્રી રામ રક્ષા સ્તોત્રનો પાઠ પણ કરી શકો છો.

ઘરના મંદિરમાં પૂજા માટે એક પ્લેટફોર્મ તૈયાર કરો. ચબુતરાના બાજોઠ પર કપડું પાથરી ભગવાન રામ, લક્ષ્મણ, સીતા, હનુમાન, ભરત અને શત્રુઘ્નની મૂર્તિઓ સ્થાપિત કરો. પાણી અને પંચામૃત (દૂધ, દહીં, ઘી, ખાંડ અને મધનું મિશ્રણ) થી દેવતાનો અભિષેક કરો. પંચામૃત પછી, શુદ્ધ જળ અર્પણ કરો. અભિષેક પછી, મૂર્તિઓને કપડાં, માળા અને ફૂલોથી શણગારો. ભગવાન રામને વરરાજા અને સીતાને કન્યા તરીકે શણગારો. ફળો, ફૂલો અને અન્ય પૂજા સામગ્રી અર્પણ કરો. ધૂપદાંડી અને દીવા પ્રગટાવો. મીઠાઈઓ અર્પણ કરો. આરતી કરો. પૂજાના અંતે, જાણતાં-અજાણતાં થયેલી ભૂલો માટે માફી માગો. પૂજા પછી, પ્રસાદ વહેંચો અને જાતે પ્રસાદ લો. પૂજા દરમિયાન તમે સીતા-રામ, સીતા-રામ, સીતા-રામ નામોનો જાપ કરી શકો છો. જો તમે ઈચ્છો તો, તમે રામાય નમઃ મંત્રનો જાપ પણ કરી શકો છો. તમે શ્રી રામ રક્ષા સ્તોત્રનો પાઠ પણ કરી શકો છો.

આ દિવસે, ભગવાન રામના પરમ ભક્ત ભગવાન હનુમાનને ખાસ પ્રાર્થના કરવી જોઈએ. તમે તેમની સામે દીવો પ્રગટાવી શકો છો અને હનુમાન ચાલીસા અને સુંદરકાંડનો પાઠ કરી શકો છો.

શાંતિ અને સુખ જાળવવા માટે ભગવાન રામ અને સીતાની પૂજા કરો. ભગવાન શ્રી રામ અને માતા સીતાની વિશેષ પૂજા પરિવારમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે છે. એવું માનવામાં આવે છે કે વૈવાહિક વિવાદનો સામનો કરી રહેલા લોકોએ ખાસ કરીને શ્રી રામ અને સીતાની પૂજા કરવી જોઈએ. તેમની પૂજા કરવાથી કુંવારા લોકો માટે લગ્નમાં આવતા અવરોધો પણ દૂર થઈ શકે છે.

# કોઇને 'સારા'લાગશો, કોઇને 'ખરાબ' લાગશો,પણ ચીંતા ના કરશો.જેવા જેના વિચારો હોય છે,તેવા જ તેના 'મૂલ્યાંકન' હોય છે..''ઝૂકે'' છે તે... અવશ્ય કંઇક ને કંઇક લઇને “ઊઠે” છે




વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ આજે જોઈએ તો મનુષ્યોને શિવજી આમસમજાવે છે કે,હરિ સ્મરણ અને હરિકીર્તન થી મનુષ્ય મોહિનીના મોહમાંથી બચી શકશે મોહિની એટલે ભગવાનની માયા. એને તરવાનું રેંજીપેંજીનું કામનથી દૃઢ મનોબળવાળા પરાક્રમી,ભક્ત નું જ એ કામ છે.બાકી મોટા મોટા સંત- મહાત્માઓ ભગવાનની માયા જોઈ ગોથાં ખાઈ જાય છે,ત્યાં સામાન્ય માનવીનું શું ગજું?તે પછી શુકદેવજી પરીક્ષિત રાજાને વામન ભગવાનની કથાસંભળાવી દેવ-દૈત્યોનું યુદ્ધ થયા પછી દૈત્યો શુક્રાચાર્યને શરણે ગયા.શુક્રાચાર્ય ની મદદથી દૈત્યોનું બળ વધ્યું. શુક્રાચાર્યે બલિને કહ્યું કે,તું વિશ્વ જીત યજ્ઞ કર.બલિએ વિશ્વ જીત યજ્ઞ કર્યો તે યજ્ઞમાંથી સર્વજિતરથ નીકળ્યો જે શુક્રની સેવા કરે છેતે બલિબને છે.શુક્ર-શક્તિતત્ત્વછે. તેનાઆધારે શરીર બન્યું છે. બ્રહ્મચર્યની સેવા કરો તો બલિ થશો.શુક્રાચાર્ય એટલે સંયમ બ્રહ્મ ચર્યની સેવા કરવા એટલે કે સંયમ બ્રહ્મચર્ય પાળવાથી દૈત્યો બલિ બળવાન થયા.

બલિએ સર્વવિષયોનો યજ્ઞમાં હોમ કર્યો. સંયમરૂપી અગ્નિમાં સર્વ વિષયોનો હોમ કરી બલિ જિતેન્દ્રિય બન્યો, અને બળવાન થયેલા બલિને શુક્રાચાર્યે પોતાનું બ્રહ્મ તેજ આપ્યું. બલિરાજાએ દેવોનો પરાભવ કર્યો અને સ્વર્ગનું રાજ મેળવ્યું.પછી બલિ ઈન્દ્રાસન ઉપર બેઠો. શુક્રાચાર્ય વિચાર કરે છે. બલિ સો અશ્વમેઘ યજ્ઞ કરે તો સ્વર્ગનું રાજ્ય કાયમને માટે મળે.યજ્ઞ કરવા બલિરાજા ભૃગુ કચ્છ (હાલના ભરૂચ) તીર્થમાં આવ્યા.દેવોની લાચાર હાલત જોઈ દેવોની માતા અદિતિને બહુ દુઃખ થયું.તેમણે કશ્યપ પાસે માગ્યું કે,મારા છોકરાઓને સ્વર્ગ નું રાજ્ય પાછું મળે તેવું વરદાન આપો!કશ્યપ કહે છે,આવી બાબત પ્રભુ પર છોડવા સિવાય બીજો ઉપાય નથી માટે દેવી,તમે ફાગણ મહિનામાં વિધિપૂર્વક પયો વ્રત નામનું વ્રત કરો તો પરમાત્મા તમારા ઘરે પુત્રરૂપે આવશે. અદિતિ અને કશ્યપ ગૃહસ્થાશ્રમી છે.બંને પતિપત્ની પ્રભુ ભક્ત છે. આવા ગૃહસ્થાશ્રમીને વગર યોગા ભ્યાસે યોગનું ફળ મળી શકે છે. ગૃહસ્થાશ્રમ તો જે યત્ર યોગોહ્ય યોગિનામ્ લોકો યોગ કરી શકતા નથી તેને પણ યોગનું ફળ આપવા વાળોછે. ગૃહસ્થાશ્રમમાં અગિયાર ઈન્દ્રિયોને કાબૂમાં રાખવી પડે છે. ગૃહસ્થાશ્રમમાં ધર્મમુખ્ય છે,ભોગ નહીં.આજ તો વરરાજા ઘોડા પર બેસતાં બીએ છે,કારણ કે ઘોડાને કાબૂમાં રાખવા લગામ પકડતાં આવડતી નથી.જેની લગામ પોતાના હાથમાં નહીં તે ગૃહસ્થાશ્રમ ખાડામાં જ પડે. શાસ્ત્રમાં ગૃહસ્થાશ્રમના ઘણાં વખાણ કર્યા છે.નિંદા કામવાસના ની કરો છે. મહાત્માઓ તો ત્યાં સુધી કહે છેકે,ગૃહસ્થાશ્રમીનો આનંદ અનેક વખત યોગીઓના આનંદ કરતાં પણ ચડિયાતો છે. સ્ત્રી કે પુરુષ કોઈની નિંદા કરતા નથી. નિંદા કેવળ વાસનાની કરાય છે.

કશ્યપ અદિતિનો ગૃહસ્થાશ્રમ દિવ્ય હતો.બંને પવિત્ર જીવન ગાળી તપશ્ચર્યા કરતાં હતાં. તેથી પ્રભુને થયું કે, આજે હું એમના ઘરે જન્મ લઉં. અદિતિ એટલે અભેદબુદ્ધિ- બ્રહ્માકાર વૃત્તિમાંથી બ્રહ્મ પ્રગટ થાય છે.કશ્યપએ મન છે. જેની મનોવૃત્તિ બ્રહ્મકાર બની છે. તે કશ્યપ છે. સ્ત્રી જો અદિતિ બને અને પુરુષ જો કશ્યપ બને તો તેને ઘરે ભગવાન અવતાર લે છે,ત્યારે પરમાત્મા પ્રગટ થાય છે. યોગીઓ બ્રહ્મચિંતન કરતાં બ્રહ્મ મય થઈ શકે છે, પરંતુ ગૃહસ્થાશ્રમી ભગવાનને પુત્રરૂપે પ્રાપ્ત કરી શકે છે. દેહ દૃષ્ટિ હશે ત્યાં સુધી કામ તમારી પાછળ છે માટે કામનો વિનાશ કરવો હોય તો દેહદૃષ્ટિ રાખવાને બદલે દેવદૃષ્ટિ રાખો. દ્રષ્ટિ કેન્દ્ર બદલવાનું છે. દૃષ્ટિ એની એ છે,પણ કયા કાચ માંથી કઈ તરફ જોવાય છે તેના પર આધાર છે.



ભાગવત પરમહંસોનું શાસ્ત્ર છે.તે દૃષ્ટિદાતા છે.જગત બગડયું નથી. મનુષ્યની આંખ-મન-બુદ્ધિ બગડ્યાં છે. તું તારા કાળજાને સુધાર.તારા આંખ-મન બુદ્ધિને સુધારે તો જગત સુધરી જશે. કોઇને બાહ્યકારે જોશો નહીં.એક વખતે જનકરાજાના દરબારમાં અષ્ટાવક્ર મુનિ પધાર્યા. તેમનાંઆઠે અંગ વાંકા જોઈ બધા હસવા લાગ્યા.અષ્ટાવક્ર પણતેથી હસવા લાગ્યા.

જનકરાજા તેમને પૂછે છે, અમે સર્વ તો તમારું વાંકું શરીર જોઈને હસીએ છીએ; પરંતુ અહીં તમે શા માટે હસોછે?અષ્ટાવક્ર બોલ્યા મેં માન્યું હતું કે,જનક રાજાના દરબારમાં બધા જ્ઞાનીઓ વિરાજે છે, પરંતુ અહીં તો બધા ચમાર ભેગા થયા છે એ જોઈ હું હસું છું. શરીર તો જેવું તમારું છે,તેવું જ મારું છે. તમારા આકાર કરતાં મારા અંગોનો આકાર થોડો જુદો પડયો એ તમે જોયું, પણ બીજું કાંઈ જોયું?તમે જોવાનું જોયું નહીં તેથી મને હસવું આવ્યું.તમે બ્રહ્મમય દૃષ્ટિવાળા હોતો કૃતિને જુઓ મનુષ્યપેઠે કેવળઆકૃતિમાં શું જુઓ છો!

દિતિ એટલે ભેદબુદ્ધિ,અદિતિ એટલે અભેદબુદ્ધિ-બ્રહ્માકારવૃત્તિ દિતિ એટલે ભેદબુદ્ધિમાંથી હિરણ્યાક્ષ-હિરણ્યકશિપુ જેવા રાક્ષસોના જન્મ થાય છે. અદિતિ એટલે અભેદબુદ્ધિમાંથી ભગવાન વામન જન્મે છે.જગતને ભેદભાવ થી જોશો નહીં.જગતને અભેદ ભાવથી જોવાનું છે.આકારએ કિંમતી વસ્તુ નથી,સોનુંએ કિંમતી વસ્તુ છે.કિંમત સોનાની મળે છે, આકારની નહીં.માટે મૂળ પદાર્થને જુઓ.

એક મહાત્મા પાસે સોનાનો ગણપતિ અને સોનાનો ઉંદર હતો શરીર વૃદ્ધ થયું.મૂર્તિ માટેઆ ચેલા ઓ ઝઘડો કરશે. તેથી મહાત્માએ વિચાર્યું કે,આ મૂર્તિ ઓ વેચી ભંડારો કરીશ. મૂર્તિઓ વેચવા લઈ ગયા. ગણપતિની મૂર્તિ દસ તોલાની થઈ.ઉંદરની મૂર્તિ અગિયાર તોલાની થઈ.સોનીએ કહ્યુંકે,ગણપતિની કિંમત એક હજાર રૂપિયા અને ઉંદરની ૧૧૦૦ રૂપિયા.મહાત્મા કહે ગણપતિ તો માલિક દેવ છે.તેની કિંમત ઓછી કેમ આપે છે? સોની કહે, હું તો સોનાની કિંમત આપું છું, માલિક દેવની નહીં. મારે મન ગણપતિ નથી,આ ઉંદર નથી આ સોનું છે.

તેમ જ્ઞાની પુરુષો આકારને જોતા નથી.જ્ઞાનીપુરુષો સૃષ્ટિનેનિર્વિકાર ભાવે જુએ છે.સર્વમાં એકને નિહાળો. અદિતિને પતિમાં પણ પરમાત્માનાં દર્શન થતાં હતાં

જે વસ્તુનું મન વારંવાર ચિંતન કરશે તેનો આકાર મનમાં સ્થિર થઈ જશે. એક જ સ્વરૂપનું વારં વાર ધ્યાન કરો, સ્મરણ કરો, ચિંતન કરો તો તમે એ સ્વરૂપમય બની જશો.એક શેઠ કાશ્મીરગયા હતા,ત્યાં તેમણે પુષ્કળ ગુલાબનાં ફૂલ જોયાં.શેઠનામનમાં દ્રવ્યનો ભાવ હતો એટલે શેઠને થયું, અહીં ગુલકંદની ફેકટરીખોલીહોય તો વેપાર સારો ચાલે.શેઠની આંખ માં કેવળ દ્રવ્યનો ભાવ હતો.તેથી તેમને બધે પૈસો જ દેખાય છેતેવી રીતે દૃષ્ટિને ભાગવતમયબનાવશો તો દૃષ્ટિ જ્યાં જશે ત્યાં ભગવાન દેખાશે. ગોપીની દ્રષ્ટિ પરમાત્મામાં જ હતી.

શ્રીકૃષ્ણ મથુરામાં બીરાજતા હતા ત્યારે ગોપીનો શ્રીકૃષ્ણ ગોકુળમાં જ દેખાય છે. ઉદ્ધવને કહે છે કે,કનૈયો અહીં જ છે!ગોપીને બધું જ શ્રીકૃષ્ણમય, શ્યામ જ શ્યામ દેખાય છે. કુંજન શ્યામ,યમુના શ્યામ,ગગન શ્યામ, ઘનશ્યામ,શિવનો કંઠશ્યામ બધે શ્યામ રંગ છે.હવે કશ્યપનો અર્થ જુઓ.તે શબ્દને ઊલટાવોતો થશે પશ્યક. ઉપનિષદમાં'ક'નો અર્થકર્યો છે ઈશ્વર.ક એટલે ઈશ્વર અને શ્યપ એટલે જોવું.સર્વમાં એક ઈશ્વરને જુએ તે કશ્યપ. કશ્યપની વૃત્તિ બ્રહ્માકાર બની ત્યારે ભગવાનને પ્રગટ થવું પડયું. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં અહીં અટકીએ અસ્તુ.

## ભારતીય ડાક વિભાગ દ્વારા 'સીમા સુરક્ષા દળ'ની હીરક જયંતિ નિમિત્તે જાહેર કર્યું વિશેષ કવર

**અમદાવાદ, તા. 22**

સીમા સુરક્ષા દળે રાષ્ટ્રની પ્રથમ રક્ષણ રેખા તરીકે દેશની સરહદોની સુરક્ષા અને આંતરિક સુરક્ષામાં આપ્યું અપ્રતિમ યોગદાન, 'સીમા સુરક્ષા દળ'ની હીરક જયંતિ નિમિત્તે 21 નવેમ્બર, 2025 ના રોજ ભારતીય ડાક વિભાગ દ્વારા એક વિશેષ કવર અને વીરૂપણ બહાર પાડવામાં આવ્યું, જેનું વિમોચન કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી માન. શ્રી અમિતભાઈ શાહ દ્વારા ભુજમાં કરવામાં આવ્યું. "બોર્ડર સિક્યુરિટી ફોર્સ - ગૌરવપૂર્ણ સેવાના 60 વર્ષ (1965-2025)" વિષય પર બહાર પાડવામાં આવેલા આ વિશેષ કવરમાં સીમા સુરક્ષા દળના જમીન, પાણી અને હવામાં દર્શાવેલા શૌર્ય અને કાર્યક્ષમતાને ઉજાગર કરવામાં આવ્યા છે. 1965ના ભારત-પાક યુદ્ધ બાદ પાકિસ્તાન સાથે લાગતી સરહદોની સુરક્ષાના હેતુથી 1 ડિસેમ્બર, 1965ના રોજ સ્થાપિત સીમા સુરક્ષા દળે રાષ્ટ્રની "પ્રથમ રક્ષણ રેખા" તરીકે દેશની સરહદોની સુરક્ષા તેમજ આંતરિક સુરક્ષામાં અનન્ય ફાળો આપ્યો છે. 1971ના ભારત-પાક યુદ્ધમાં ભારતીય સેના સાથે મળીને યુદ્ધ કરવાની સાથે સાથે બાંગ્લાદેશ મુક્તિ સંગ્રામમાં સક્રિય ભૂમિકા નિભાવનાર સીમા સુરક્ષા દળે રાષ્ટ્રીય સુરક્ષા પ્રત્યેનું પોતાનું સમર્પણ હંમેશા સાબિત કર્યું છે. દળ દ્વારા પંજાબ અને જમ્મુ-કાશ્મીર ખાતે આતંકવાદ વિરોધી અભિયાનોમાં અદમ્ય શૌર્યનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. 'ઓપરેશન સિંદૂર' દરમિયાન અદમ્ય હિંમત દર્શાવવા બદલ, ફોર્સના બહાદુર સૈનિકોને 2 વીર ચક્ર અને 16 વીરતા ચંદ્રકો એનાયત કરવામાં આવ્યા હતા. 6 દાયકાની આ ગૌરવમય યાત્રામાં, સરહદ સુરક્ષા દળ સરહદોનું અડગ રક્ષક રહ્યું છે દરેક પગલે 'જીવનપર્યંત કર્તવ્ય' ના સૂત્રને સાબિત કરી રહ્યું છે. આ ખાસ કવર બોર્ડર સિક્યુરિટી ફોર્સના ગૌરવશાળી ઈતિહાસ અને બહુ-પરિમાણીય કાર્યને દર્શાવે છે. 6 દાયકાની આ ગૌરવમય યાત્રામાં, સરહદ સુરક્ષા દળ સરહદોનું અડગ રક્ષક રહ્યું છે દરેક પગલે 'જીવનપર્યંત કર્તવ્ય' ના સૂત્રને સાબિત કરી રહ્યું છે. આ ખાસ કવર બોર્ડર સિક્યુરિટી ફોર્સના ગૌરવશાળી ઈતિહાસ અને બહુ-પરિમાણીય કાર્યને દર્શાવે છે.

## મહાપ્રબંધક પશ્ચિમ રેલવેના અમદાવાદ અને વડોદરા ક્ષેત્રાધિકારના માનનીય સાંસદો સાથે બેઠકનું આયોજન



- અમદાવાદ મંડળ રૂટ કિમીમાં ભારતીય રેલવેનું સૌથી મોટું મંડળ છે, જેમાં આશરે 1480 રૂટ કિમી રેલ લાઇન છે, જે ગુજરાતના 10 જિલ્લાઓને કવર કરે છે.
- અમદાવાદ મંડળમાં વર્ષ 24-25 સુધી ભારતીય રેલવેમાં વધુમાંવધુ 13510 રેકના 855010 કન્ટેનર લોડ કરવામાં આવ્યા હતા.

**અમદાવાદ, તા. 22**

પશ્ચિમ રેલવે દ્વારા જનપ્રતિનિધિઓ સાથે સંકલન અને સંવાદને વધુ મજબૂત બનાવવા દિશામાં એક મહત્વપૂર્ણ પહેલના હેઠળ આજે 21 નવેમ્બર 2025 ના રોજ અમદાવાદ અને વડોદરા મંડળોના અધિકારક્ષેત્ર હેઠળ આવતા માનનીય સાંસદો સાથે મહાપ્રબંધક પશ્ચિમ રેલવેના શ્રી વિવેક કુમાર ગુપ્તાની એક બેઠકનું આયોજન અમદાવાદ સ્થિત સર્કિટ હાઉસ કરવામાં આવ્યું. બેઠકની શરૂઆતમાં મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તાએ માનનીય સંસદસભ્યોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું અને ઉપસ્થિત જનપ્રતિનિધિઓને પશ્ચિમ રેલવે પર ચાલી રહેલા મુખ્ય રેલ પ્રોજેક્ટ્સની વર્તમાન સ્થિતિ વિશે માહિતી આપી. તેમણે માહિતી આપી કે અમદાવાદ સહિત પશ્ચિમ રેલવે પર ના ઘણા મહત્વપૂર્ણ સ્ટેશનોના પુનર્વિકાસનું કાર્ય ઝડપથી આગળ વધી રહ્યું છે, અને આ કાર્યોનું પોતે માનનીય રેલવે મંત્રી દ્વારા નિયમિત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર (WDFC) નું લગભગ 80 ટકા કામ પૂર્ણ થઈ ગયું છે, જ્યારે સફાલેથી JNPT સેક્શન નું કાર્ય આગળના તબક્કામાં પહોંચી ગયું છે. બેઠકમાં અમદાવાદ અને વડોદરા મંડળોમાં પ્રગતિ પર વિવિધ નવી મુસાફર સુવિધાઓ અને વિકાસલક્ષી સિદ્ધિઓ વિશે વિગતવાર માહિતી શેર કરવામાં આવી હતી. આ દરમિયાન, મંડળ રેલ પ્રબંધક અમદાવાદ શ્રી વેદ પ્રકાશ દ્વારા પ્રેઝન્ટેશન ના માધ્યમથી અમદાવાદ મંડળ પર દિવાળી અને છઠ પૂજા દરમિયાન કરવામાં આવેલા ઉત્તમ ભીડ વ્યવસ્થાપન પ્રયાસો, મંડળમાં પ્રગતિ પર ચાલી રહેલા વિવિધ રેલ પ્રોજેક્ટ્સ જેમ કે નવી રેલવે લાઇન, નવી ટ્રેન સેવાઓ, મુખ્ય પુનર્વિકાસ સ્ટેશનો (ભુજ, અમદાવાદ, સાબરમતી) અને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનર્વિકાસ કરવામાં આવી રહેલા અન્ય 16 સ્ટેશનોની પ્રગતિની સમીક્ષા પ્રસ્તુત કરવામાં આવી હતી. અમદાવાદ મંડળ રૂટ કિમીમાં ભારતીય રેલવેનું સૌથી મોટું મંડળ છે, જેમાં આશરે 1480 રૂટ કિમી રેલ લાઈન છે, જે ગુજરાતના 10 જિલ્લાઓને કવર કરે છે. અમદાવાદ મંડળમાં વર્ષ 24-25 સુધી ભારતીય રેલવેમાં વધુમાંવધુ 13510 રેકના 855010 કન્ટેનર લોડ કરવામાં આવ્યા હતા. અમદાવાદ મંડળ વર્ષ 25-26 માં ભારતીય રેલવેમાં લોડિંગમાં 8મા અને ફ્રેટ આવકમાં 7 મુ સ્થાન રાખે છે . ભારતીય રેલવેના ફ્રેટ ટર્મિનલ માં અમદાવાદ મંડળમાં સૌથી વધુ 78 ફ્રેટ ટર્મિનલ છે. મંડળ નું 'દિનદયાળ પોર્ટ' કંડલા ભારતનું બીજા ક્રમનું સૌથી મોટું પબ્લિક સેક્ટર પોર્ટ છે. ભારતનું સૌથી મોટું ખાનગી પોર્ટ 'મુન્દ્રા પોર્ટ' છે જે વિશ્વનું 39મું સૌથી મોટું પોર્ટ છે.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું રાજ્ય સરકારના વિવિધ વિભાગમાં નવી નિમણૂક મેળવેલા ૪૪૦૦ થી વધુ યુવાઓને આહવાન

**ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 22**

રાજ્ય સરકારના વિવિધ સંવર્ગોમાં વર્ગ - 3માં નવી નિમણૂક પામેલા ઉમેદવારોને નિમણૂક પત્ર એનાયતનો ગૌરવશાળી સમારોહ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં સંપન્ન. રાજ્યના નાગરિકોની સેવા કરવા માટે મળેલી તકનો ઉપયોગ નાગરિકોની આશાઓ પરિપૂર્ણ કરવા, હકારાત્મકતાથી થાય તેની કાળજી રાખવા નાયબ મુખ્યમંત્રીશ્રીનો અનુરોધ, આ મહિનાના અંત સુધીમાં ગુજરાત પોલીસ દળમાં કુલ ૧૪,૫૦૭ નવી જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા જાહેર કરવામાં આવશે: નાયબ મુખ્યમંત્રીશ્રી, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના વિવિધ સંવર્ગોમાં વર્ગ-3માં નવી નિમણૂક મેળવી રહેલાં ૪,૪૭૩ યુવાઓને આહવાન કર્યુ કે,રાજ્ય સરકારની સેવામાં તેમને મળેલી તકને માત્ર નિમણૂક નહી પરંતુ સામાન્ય માનવીની સેવાથી રાષ્ટ્રનિર્માણમાં યોગદાનની તક તરીકે સ્વીકારે. આ સંદર્ભમાં તેમણે કહ્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાગરિક દેવો ભવ:નો મંત્ર સરકારમાં અપનાવ્યો છે અને લોકોને ગુડ ગવર્નન્સની સતત પ્રતિતિ કરાવી છે. નવી નિમણૂક મેળવી રહેલા યુવાઓ પણ પ્રમાણિકતા સાથે કાર્યરત રહીને, કોઈ નાના માનવીની મુશ્કેલી દૂર કરીને કે કોઈ વિધવા માતાના આંસુ લુછીને ,નિરાધારનો આધાર બનીને સંવેદનશીલ સરકારની અનુભૂતિ પોતાના વાણી વર્તન અને વ્યવહારથી કરાવે તેવી તેમની પાસેથી અપેક્ષા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર,ગાંધીનગર ખાતે "વિકસિત ભારત, વિકસિત ગુજરાત" અંતર્ગત ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સરકારના વિભાગોમાં વિવિધ કેડરમાં પસંદગી પામેલા કુલ ૪,૪૭૩ ઉમેદવારોમાંથી પ્રતિકાત્મક રૂપે ૨૧ જેટલા ઉમેદવારોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા તેમજ અન્ન નાગરિક પુરવઠા-ગ્રાહકોની બાબતોના મંત્રી શ્રી રમણભાઈ સોલંકી વિશેષ ઉપસ્થિતિ રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ યુવાઓને પ્રેરણા આપતાં કહ્યુ કે, ફરજો અને કામગીરીમાં શિથિલતા નહી પરંતુ નવિનતાના અભિગમ સાથે રાષ્ટ્રહિત પ્રથમ અને રાજ્યના વિકાસથી રાષ્ટ્રના વિકાસના ભાવને સમગ્ર કેરિયરમાં પ્રાથમિકતા આપીને 2047ના વિકસિત ભારતના નિર્માણના તેઓ સંવાહક બને.

## બાવળાના મેટાલ અને રાજવાળા ગામમાં પ્રાકૃતિક ખેતીની તાલીમમાં ખેડૂતોએ વિશેષ માર્ગદર્શન મેળવ્યું




**ખેડૂતોને પ્રાકૃતિક ખેતીથી આત્મનિર્ભર બનાવી તંદુરસ્ત પાકનું ઉત્પાદન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા**

**દરેક ખેડૂત પોતાના ઘર આંગણે, વાડામાં કે ખેતરના પાળા ઉપર પ્રાકૃતિક રીતે શાકભાજી ઉગાડીને પોતે ખાઈ શકે**

**અમદાવાદ, તા. 22**

બાવળા તાલુકાના મેટાલ ગામ અને રાજવાળા ગામમાં ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ કંપની લિમિટેડ અને ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત પ્રયાસોથી પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજવામાં આવી હતી. મેટાલ અને રાજવાળા ગામમાં યોજાયેલ આ તાલીમમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી વિશે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કાશીરામભાઈ વાઘેલાએ ખેડૂતોને રવિપાકની પૂર્વ તૈયારી, જુદા-જુદા રવિપાકના બિયારણના દર, યોગ્ય પિયત પદ્ધતિ અને નિંદામણ નિયંત્રણની પદ્ધતિઓ વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. તેમણે પ્રાકૃતિક ખેતીના મૂળભૂત સિદ્ધાંતો જેવા કે જીવામૃત, બીજામૃત, ઘનજીવામૃત, આચ્છાદન (મલ્ચિંગ) અને વાપસા (એરેશન)નું મહત્ત્વ સમજાવીને ખેડૂતોને રસાયણમુક્ત ખેતી તરફ વળવા માટે પ્રેરિત કર્યા હતા. આ તાલીમનો મુખ્ય હેતુ ખેડૂતોને આત્મનિર્ભર બનાવીને તંદુરસ્ત પાકનું ઉત્પાદન કરવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. વધુમાં, ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવતા કરવાના હેતુથી પ્રાકૃતિક કિચન ગાર્ડન અંગે પણ વિશેષ માહિતી આપવામાં આવી હતી. દરેક ખેડૂત પોતાના ઘર આંગણે, વાડામાં કે ખેતરના પાળા ઉપર પ્રાકૃતિક રીતે શાકભાજી ઉગાડીને પોતે ખાઈ શકે અને ધીમે ધીમે કરી મોટા પાયે પ્રાકૃતિક ખેતી તરફ વળી શકે તે માટે શિયાળામાં થતાં વિવિધ 15 પ્રકારના શાકભાજીના બિયારણની કીટનું ખેડૂતોને વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. અંતે, ખેડૂતોના પ્રશ્નોના સંતોષકારક જવાબો આપીને આ માહિતીસભર તાલીમનું સફળતાપૂર્વક સમાપન કરવામાં આવ્યું હતું. આ તાલીમ શિબિરમાં ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યકર શ્રી વિજયભાઈ સોલંકી, શ્રી ભાવિકભાઈ અને ગામનાં અન્ય આગેવાનો તથા ખેડૂતો હાજર રહ્યાં હતાં.

## ઈંગોલી પ્રાથમિક શાળા ખાતે ક્લસ્ટર કક્ષાનો કલા-ઉત્સવ યોજાયો

**કૌકા, તા. 22**

કૌકા ક્લસ્ટરની સરકારી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓએ ચિત્ર સ્પર્ધા, બાળ કવિ સ્પર્ધા, સંગીત ગાયન સ્પર્ધા અને સંગીત વાદન સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો., વિકસિત ગુજરાત@2047ની ઉજવણીના ભાગરૂપે ઈંગોલી પ્રાથમિક શાળા ખાતે ક્લસ્ટર કક્ષાનો કલા-ઉત્સવ યોજાયો હતો. કૌકા ક્લસ્ટરની 8 સરકારી પ્રાથમિક શાળાઓના કુલ 32 વિદ્યાર્થીઓએ કલા ઉત્સવ અંતર્ગત ચિત્ર સ્પર્ધા, બાળ કવિ સ્પર્ધા, સંગીત ગાયન સ્પર્ધા અને સંગીત વાદન સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કલા ઉત્સવમાં દરેક વિદ્યાર્થીઓએ પોતાની આવડત, હુનર અને સર્જનાત્મકતાનું સુંદર પ્રદર્શન કર્યું હતું. તમામ સ્પર્ધાઓમાં નિર્ણાયકશ્રી દ્વારા પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમાંક જાહેર કરવામાં આવ્યા હતા. ચિત્ર સ્પર્ધામાં ઈંગોલી પ્રાથમિક શાળાએ પ્રથમ ક્રમાંક, બાળ કવિ સ્પર્ધામાં ખરાંટી પ્રાથમિક શાળાએ પ્રથમ ક્રમાંક, સંગીત ગાયન સ્પર્ધામાં ગણેસર પ્રાથમિક શાળાએ પ્રથમ ક્રમાંક તેમજ સંગીત વાદન સ્પર્ધામાં સીમેજ પ્રાથમિક શાળાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો. કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થી મિત્રો માટે પ્રમાણપત્ર અને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું. તેમજ પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને રાજ્યકક્ષાએ નક્કી કરાયેલા પ્રમાણભૂત પુરસ્કારો અપાયા હતા.

## ઉણ ખાતે રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

**યશપાલસિંહ ટી વાઘેલા થરા, તા. 22**



ઑગડ તાલુકાનાઉણ પ્રાથમિક, માધ્યમિક,ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા આયોજન કરવામાં આવ્યું.પી. એચ.સી.કેન્દ્ર ઉણના મે.ઓ.ડો. તુષાર પટેલ દ્વારા તમાકુથી થતા આર્થિક સામાજિક અને શારિરીક નુકસાન વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી. શાળાના બાળકોમાંથી દશ બાળકોએ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધેલ. અને તમામ બાળકો ને તમાકુથી થતા નુકસાન વિશે સમજ આપવામાં આવી.પ્રથમ ત્રણ નંબરના વિધાર્થીઓને પ્રોત્સાહન રૂપે ઈનામ વિતરણ કરવામાં આવ્યું. શાળાના આચાર્યબાબુભાઈ પટેલ તેમજ મલ્ટીપર્પઝ હેલ્થ સુપરવા ઈઝર નરેશભાઈ જોશી તેમજ ઉણ આરોગ્ય કર્મચારી ઈનાયત ભાઈ ઘાંચી તેમજ શાળા પરિવાર સંપૂર્ણ સહકાર આપ્યો.'હુ વિદ્યાર્થી હુ વચન આપુ તમાકુથી હંમેશા દૂર રહું!'તમાકુ નિયંત્રણ વિશે વિવિધ આઈ ઈસી કરવામાં આવી.

**કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલની મુલાકાત લીધી**

# "કોમનવેલ્થ દેશોના ખેલાડીઓ માટે અમદાવાદ તૈયાર છે, સુસ્વાગતમ": કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ

**ગાંધીનગર, તા. 22**

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આયોજિત અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ 2025ની મુલાકાત લીધી હતી. 'વાંચે ગુજરાત 2.0'ની થીમ સાથે યોજાયેલા આ સાહિત્યિક મહાકુંભમાં કેન્દ્રીય મંત્રીશ્રીએ હાજરી આપી હતી. બુક ફેસ્ટિવલના સ્થળે, મંત્રીશ્રીએ હસ્તાક્ષર દીવાલ (સિગ્નેચર વોલ) પર પોતાનો વિશેષ પ્રતિભાવ લખ્યો હતો. આ પ્રતિભાવ દ્વારા તેમણે કોમનવેલ્થ દેશોના ખેલાડીઓ માટે અમદાવાદની તૈયારીઓને બિરદાવી હતી. તેમણે સિગ્નેચર વોલ પર લખ્યું હતું કે: 'કોમનવેલ્થ દેશોના ખેલાડીઓ માટે અમદાવાદ તૈયાર છે, સુસ્વાગતમ.' કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે બુક ફેરના વિવિધ સ્ટોલ્સની રૂબરૂ મુલાકાત લીધી હતી અને પુસ્તકો પ્રત્યે પોતાનો વિશેષ લગાવ વ્યક્ત કર્યો હતો. તેમણે આ પ્રસંગે ઉપસ્થિત વિવિધ શાળાઓના બાળકો સાથે આત્મીય વાર્તાલાપ કર્યો હતો અને તેમને વાંચનનું મહત્વ સમજાવી પ્રોત્સાહિત કર્યા હતા. બાળકો સાથેના આ સંવાદે મહોત્સવમાં એક ઉષ્માભર્યો માહોલ સર્જ્યો હતો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC), નેશનલ બુક ટ્રસ્ટ (NBT) ઈન્ડિયા અને કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના સંયુક્ત આયોજન હેઠળ 13 થી 23 નવેમ્બર દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે આ 11-દિવસીય મહોત્સવ યોજાઈ રહ્યો છે. લગભગ 1 લાખ સ્ક્વેર ફૂટ વિસ્તારમાં ફેલાયેલ આ ફેસ્ટિવલમાં દેશભરના પ્રકાશકોના 300 થી વધુ સ્ટોલ્સ છે અને બાળકોથી લઈને વૈશ્વિક વિચારકો માટે 3 વિશિષ્ટ ઝોન બનાવવામાં આવ્યા છે. નિ:શુલ્ક પ્રવેશ સાથે દરરોજ સવારે 11 થી રાત્રે 9 સુધી ચાલતા આ મહોત્સવમાં પુસ્તકોની ખરીદી, વર્કશોપ્સ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને બૌદ્ધિક ચર્ચાઓનું સંકલન કરીને અમદાવાદને વૈશ્વિક નકશામાં સાહિત્યને વિશેષ સ્થાન અપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ બુક ફેસ્ટિવલનું ઉદ્ઘાટન 13 નવેમ્બરે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાનની હાજરીમાં થયું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહની મુલાકાત પ્રસંગે ગુજરાત સરકારના મંત્રીઓ શ્રી જીતુભાઈ વાઘાણી અને શ્રી ઋષિકેશ પટેલ, રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા, મેયર શ્રીમતી પ્રતિભા બહેન જૈન, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ અને અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. નિ:શુલ્ક પ્રવેશ સાથે દરરોજ સવારે 11 થી રાત્રે 9 સુધી ચાલતા આ મહોત્સવમાં પુસ્તકોની ખરીદી, વર્કશોપ્સ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને બૌદ્ધિક ચર્ચાઓનું સંકલન કરીને અમદાવાદને વૈશ્વિક નકશામાં સાહિત્યને વિશેષ સ્થાન અપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ બુક ફેસ્ટિવલનું ઉદ્ઘાટન 13 નવેમ્બરે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાનની હાજરીમાં થયું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહની મુલાકાત પ્રસંગે ગુજરાત સરકારના મંત્રીઓ શ્રી જીતુભાઈ વાઘાણી અને શ્રી ઋષિકેશ પટેલ, રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા, મેયર શ્રીમતી પ્રતિભા બહેન જૈન, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ અને અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.





# દિલ્હી હાઈકોર્ટે ગંભીર સામેનો ફોજદારી કેસ રદ કર્યો : કોરોના મહામારી દરમિયાન દવાઓનો સંગ્રહ કરવાના આરોપો લાગ્યા હતા

**" હાઈકોર્ટે ત્રણ વર્ષ પહેલાં, 20 સપ્ટેમ્બર, 2021ના રોજ આ કેસમાં કોઈપણ કાર્યવાહી પર વચગાળાનો સ્ટે આપ્યો હતો. ગંભીર, તેની પત્ની, માતા અને ફાઉન્ડેશન સામે જારી કરાયેલા ટ્રાયલ કોર્ટના સમન્સને પડકારતી અરજીમાં ફોજદારી ફરિયાદ રદ કરવાની પણ માગ કરવામાં આવી હતી**

**મુંબઈ, તા. 22**

દિલ્હી હાઈકોર્ટે ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર સામે લાયસન્સ વિના ડ્રગ્સનો સંગ્રહ અને વિતરણ કરવા બદલ ફોજદારી કેસ ફગાવી દીધો છે. શુક્રવારે, જસ્ટિસ નીના બંસલ કૃષ્ણાએ કહ્યું, 'ગંભીર અને તેમના ફાઉન્ડેશન સામે ફોજદારી ફરિયાદ રદ કરવામાં આવે છે.' હાઈકોર્ટે ત્રણ વર્ષ પહેલાં, 20 સપ્ટેમ્બર, 2021ના રોજ આ કેસમાં કોઈપણ કાર્યવાહી પર વચગાળાનો સ્ટે આપ્યો હતો. ગંભીર, તેની પત્ની, માતા અને ફાઉન્ડેશન સામે જારી કરાયેલા ટ્રાયલ કોર્ટના સમન્સને પડકારતી અરજીમાં ફોજદારી ફરિયાદ રદ કરવાની પણ માગ કરવામાં આવી હતી. હાઈકોર્ટે 3 વર્ષ પહેલા સ્ટે લગાવ્યો હતો 2021માં, કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે દિલ્હી હાઈકોર્ટે ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર સામે લાયસન્સ વિના ડ્રગ્સનો સંગ્રહ અને વિતરણ કરવા બદલ ફોજદારી કેસ ફગાવી દીધો છે. શુક્રવારે, જસ્ટિસ નીના બંસલ કૃષ્ણાએ કહ્યું, 'ગંભીર અને તેમના ફાઉન્ડેશન સામે ફોજદારી ફરિયાદ રદ કરવામાં આવે છે.' હાઈકોર્ટે ત્રણ વર્ષ પહેલાં, 20 સપ્ટેમ્બર, 2021ના રોજ આ કેસમાં કોઈપણ કાર્યવાહી પર વચગાળાનો સ્ટે આપ્યો હતો. ગંભીર, તેની પત્ની, માતા અને ફાઉન્ડેશન સામે જારી કરાયેલા ટ્રાયલ કોર્ટના સમન્સને પડકારતી અરજીમાં ફોજદારી ફરિયાદ રદ કરવાની પણ માગ કરવામાં આવી હતી. હાઈકોર્ટે 3 વર્ષ પહેલા સ્ટે લગાવ્યો હતો 2021માં, કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે ગંભીરનું કાર્યાલય જરૂરિયાતમંદોને કોવિડ દવાઓનું વિતરણ કરી રહ્યું હતું. વિપક્ષે આને ગેરકાયદેસર સ્ટોકિંગ ગણાવ્યું હતું. જોકે, ગંભીરે દાવો કર્યો હતો કે આ એક માનવતાવાદી કામ છે અને કોઈને નુકસાન થયું નથી. આ પછી, ટ્રાયલ કોર્ટે આરોપીઓ સામે સમન્સ જારી કર્યા. કોવિડ દરમિયાન દવાનું વિતરણ કર્યું હતું દિલ્હી સરકારના ડ્રગ કંટ્રોલ વિભાગે પૂર્વ દિલ્હીના તત્કાલીન સાંસદ ગૌતમ ગંભીર, તેમના NGO, અપરાજિતા સિંહ, ગંભીરની માતા સીમા ગંભીર અને પત્ની નતાશા ગંભીર વિરુદ્ધ ડ્રગ્સ અને કોસ્મેટિક્સ એક્ટની કલમ 18(c) અને કલમ 27(b)(2) હેઠળ ફરિયાદ દાખલ કરી હતી. સીમા ગંભીર અને નતાશા ગંભીર આ સંસ્થાના ટ્રસ્ટી છે. કલમ 18(c) લાઈસન્સ વિના દવાઓના ઉત્પાદન, વેચાણ અને વિતરણ પર પ્રતિબંધ મૂકે છે. કલમ 27(b)(2) માન્ય લાઈસન્સ વિના દવાઓના વેચાણ અને વિતરણ માટે કેદની જોગવાઈ કરે છે.

જોકે, ગંભીરે દાવો કર્યો હતો કે આ એક માનવતાવાદી કામ છે અને કોઈને નુકસાન થયું નથી. આ પછી, ટ્રાયલ કોર્ટે આરોપીઓ સામે સમન્સ જારી કર્યા. કોવિડ દરમિયાન દવાનું વિતરણ કર્યું હતું દિલ્હી સરકારના ડ્રગ કંટ્રોલ વિભાગે પૂર્વ દિલ્હીના તત્કાલીન સાંસદ ગૌતમ ગંભીર, તેમના NGO, અપરાજિતા સિંહ, ગંભીરની માતા સીમા ગંભીર અને પત્ની નતાશા ગંભીર વિરુદ્ધ ડ્રગ્સ અને કોસ્મેટિક્સ એક્ટની કલમ 18(c) અને કલમ 27(b)(2) હેઠળ ફરિયાદ દાખલ કરી હતી. સીમા ગંભીર અને નતાશા ગંભીર આ સંસ્થાના ટ્રસ્ટી છે. કલમ 18(c) લાઈસન્સ વિના દવાઓના ઉત્પાદન, વેચાણ અને વિતરણ પર પ્રતિબંધ મૂકે છે. કલમ 27(b)(2) માન્ય લાઈસન્સ વિના દવાઓના વેચાણ અને વિતરણ માટે કેદની જોગવાઈ કરે છે.

## રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપ સેમિફાઈનલમાં ભારત બાંગ્લાદેશ સામે હારી

**દિલ્હી, તા. 22**

ઈન્ડિયા-A રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપ સેમિફાઈનલમાંથી બહાર થઈ ગયું છે. શુક્રવારે દોહામાં સુપર ઓવરમાં બાંગ્લાદેશ-A ટીમ સામે હારી. ભારત છેલ્લા બોલ પર ત્રણ રન બનાવીને મેચ ટાઈ કરવામાં સફળ રહ્યું, પરંતુ સુપર ઓવરમાં એક રન પણ બનાવવામાં નિષ્ફળ ગયું. સુપર ઓવરના પહેલા બોલ પર બાંગ્લાદેશે પણ એક વિકેટ ગુમાવી દીધી. બોલર સુયશ શર્માએ બીજો બોલ વાઈડ બોલ ફેંક્યો, જેનાથી બાંગ્લાદેશ ફાઈનલમાં પહોંચી શક્યું. ભારત તરફથી વૈભવ સૂર્યવંશીએ 15 બોલમાં 38 અને પ્રિયાંશ આર્યએ 44 રન બનાવીને ઈન્ડિયા-Aને જોરદાર શરૂઆત અપાવી. ગુર્જપનીત સિંહે બે વિકેટ લીધી. બાંગ્લાદેશ તરફથી હબીબુર રહેમાને 65 અને મેહરોબે 48 રન બનાવ્યા. સુપર ઓવરમાં રિપન મંડલે બે બોલમાં બે વિકેટ લીધી.

## ઢાકામાં ભૂકંપને કારણે બાંગ્લાદેશ-આયર્લેન્ડ ટેસ્ટ રોકવી પડી

■ **5.7ની તીવ્રતાના ભૂકંપથી કોમેન્ટ્રી બોક્સ ધ્રુજવા લાગ્યું; ખેલાડીઓ ડ્રેસિંગ રૂમ છોડીને મેદાનમાં દોડી ગયા**

**દિલ્હી, તા. 22**




